CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૫    ગુરૂવાર તા.૦૧-૧૦-૨૦૨૬    અંક : ૨૭૮ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

## 'સ્મિત મછાર તમે દેશના અસલી હીરો છો': મોદી

# ફ્લાયદુબઈના ગુજરાતી પાયલટના સાહસ પર વિશ્વ ફિદા

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને નેતન્યાહૂએ અદભૂત વીરતા દાખવી લોહીલુહાણ સ્થિતિમાં પણ સેંકડો મુસાફરોનો જીવ બચાવનાર પાઈલટ સ્મિતને હીરો ગણાવ્યા

નવીદિલ્હી,

દુબઈથી તેલ અવીવ જતી 'ફ્લાયદુબઈ' ફ્લાઈટમાં સહ-પાયલટના હુમલા વચ્ચે ભારતીય કેપ્ટન સ્મિત મછારે અદભૂત વીરતા દાખવી. લોહીલુહાણ સ્થિતિમાં પણ સેંકડો મુસાફરોનો જીવ બચાવી મોટી હોનારત ટાળી.વડાપ્રધાન મોદી, અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઈઝરાઈલ વડાપ્રધાન નેતન્યાહૂએ તેમને 'હીરો' ગણાવ્યા. છરી વાગવા છતાં કોકપિટ ખોલી ૧૭૪ લોકોનો જીવ બચાવનાર સ્મિત પર ભારતને ગર્વ છે.

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ' ફ્લાઈટમાં હવામાં સર્જાયેલા ગંભીર સંકટ અને હુમલાના પ્રયાસ વચ્ચે અદભુત વિરતા દર્શાવનારા ભારતીય કપ્તાન કેપ્ટન સ્મિત મછારના સાહસની આજે સમગ્ર વિશ્વમાં વાહવાહ થઈ રહી છે. લોહીલુહાણ સ્થિતિમાં પણ આકાશમાં સેંકડો નિર્દોષ મુસાફરોનો જીવ બચાવીને મોટી હોનારત ટાળનારા આ ભારતીય પાયલટની બહાદુરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સરાહીને 'હીરો' ગણાવ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર વિશેષ પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, "કેપ્ટન સ્મિત મછાર એક અસલી હીરો છે. અત્યંત ખતરનાક અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં તેમણે અન્ય લોકોના જીવ બચાવવા માટે અપ્રતિમ હિંમત દર્શાવી છે. તેમની સમયસૂચકતા અને બહાદુરીના કારણે જ એક મોટો અકસ્માત ટળ્યો છે અને સેંકડો લોકો સહીસલામત બચી ગયા છે. સમગ્ર ભારત દેશને કેપ્ટન મછાર પર ગર્વ છે." વડાપ્રધાને કો-પાયલટના હુમલામાં ઘાયલ થયેલા ભારતીય પાયલટ ઝડપથી સ્વસ્થ થાય અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના પણ કરી હતી.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ભારતીય પાયલટના અસાધારણ સાહસને બિરદાવતા તેમને 'હીરો' કહ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઉડાન દરમિયાન સહ-પાયલટે કથિત રીતે ભારતીય પાયલટ પર અચાનક હુમલો કરી દીધો હતો. ગંભીર રીતે ઘાયલ થવા છતાં કેપ્ટન સ્મિત મછારે માનસિક સંતુલન અને સંયમ ગુમાવ્યા વિના કટોકટીની સ્થિતિમાં મદદ માંગીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. તેમની આ સૂઝબૂઝે આકાશમાં એક મોટી દુર્ઘટના થતી અટકાવી દીધી છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કેપ્ટન સ્મિત મછારની સાહસિકતાને સલામી આપતાં 'ઠ' પર લખ્યું કે:"હું ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મછારની અસાધારણ બહાદુરીને સલામ (સેલ્યુટ) કરું છું.

### નેતન્યાહૂ બહાદુર મુસાફરને મળવા પહોંચ્યા

દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઇટમાં સર્જાયેલી લોહિયાળ અને ડરામણી ઘટના દરમિયાન પોતાની અદમ્ય બહાદુરી અને સમયસૂચકતા દાખવીને સેંકડો લોકોના જીવ બચાવનાર ઇઝરાયલી મુસાફર યાનિવ હાયુનનીપ્રશંસા થઈ રહી છે. તાજેતરમાં જ બેન-ગુરિયન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ખુદ આ બહાદુર મુસાફરને મળવા પહોંચ્યા હતા અને તેમની પ્રશંસા કરતાં તેમની પીઠ થપથપાવી હતી.

ઘટનાની વિગતો મુજબ, ફ્લાઇટ ઉડાન પર હતી ત્યારે કોકપીટમાં સહ-પાઈલટે મુખ્ય ભારતીય પાયલટ સ્મિત મછાર પર અચાનક છરી વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. આ ગંભીર કટોકટી અને અરાજકતા વચ્ચે ઇઝરાયલી મુસાફર યાનિવે જરાય ડર્યા વગર ત્વરિત પગલું ભર્યું હતું. તેમણે હિંમતભેર કોકપીટનો દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને હુમલો કરી રહેલા કો-પાઇલટને તેની સીટ પરથી ખેંચીને પાછળ ફેંકી દીધો હતો. ત્યારબાદ અન્ય મુસાફરોની મદદથી હુમલાખોર પર સફળતાપૂર્વક કાબુ મેળવવામાં આવ્યો હતો.

# તહેવારો પૂર્વે જ મોંઘવારીનો માર : કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં રૂપિયા ૬૨.૫૦નો વધારો

### આજથી જ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના નવા ભાવ અમલમાં, હોટેલ-રેસ્ટોરન્ટમાં જમવાનું મોંઘું થશે!

નવીદિલ્હી,

ઓક્ટોબર મહિનાની શરૂઆત સાથે જ આમ આદમી અને વેપારીઓ પર મોંઘવારીનો તગડો ઝાટકો વાગ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે જ એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર કર્યા છે. આગામી નવરાત્રી અને દિવાળીના તહેવારો પૂર્વે જ ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ. ૬૨.૫૦ નો સીધો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.

સતત બીજા મહિને થયેલા આ ભાવવધારાથી હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને કેટરિંગ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ માટે મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે આ વધારાથી તેમનું પ્રોડક્શન કોસ્ટ વધી જશે અને પરિણામે બહાર ખાવાનું મોંઘું બની શકે છે..તાજેતરમાં થયેલા ભાવવધારા બાદ દેશના પ્રમુખ શહેરોમાં ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના નવા ભાવ જોઈએ તો દિલ્હીમા કોમર્શિયલ સિલિન્ડર રૂ. ૬૨.૫૦ મોંઘો થઈને હવે રૂ. ૨,૮૧૦ ના સ્તરે પહોંચી ગયો છે. આ પહેલાં સપ્ટેમ્બરના પ્રારંભે પણ તેમાં રૂ. ૯.૫૦ નો વધારો થયો હતો.બિહારની રાજધાની પટનામાં દેશનો સૌથી મોંઘો કોમર્શિયલ સિલિન્ડર મળી રહ્યો છે, જ્યાં ભાવ રૂ. ૩,૦૨૯ થી ઉછળીને સીધો રૂ. ૩,૧૦૦.૫૦ થઈ ગયો છે.

## ભારત-પાકિસ્તાન, એશિયન ગેમ્સની ફાઈનલ રમાશે

### ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને 124 રનથી હરાવ્યું

ટોક્યો,

એશિયન ગેમ્સ-૨૦૨૬ની ફાઈનલમાં ભારતનો સામનો પાકિસ્તાન સામે થશે. ટીમ ઈન્ડિયાએ સેમિફાઇનલમાં શ્રીલંકાને ૧૨૪ રનથી હરાવીને ગોલ્ડ મેડલ મેચમાં જગ્યા બનાવી. તો બીજી તરફ, પાકિસ્તાને પહેલી સેમિફાઈનલમાં બાંગ્લાદેશને ૬ વિકેટથી હરાવ્યું.

મેચમાં ભારતે ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૭ વિકેટ પર ૧૬૯ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ ૯.૫ ઓવરમાં માત્ર ૪૫ રન પર ઓલઆઉટ થઈ ગઈ.ભારત માટે ઈશાન કિશને નોટઆઉટ ૮૦ રનની ઈનિંગ રમી. વૈભવ સૂર્યવંશીએ પણ ૨૧ બોલમાં ૩૮ રન બનાવ્યા. બોલિંગમાં જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને અભિષેક શર્માએ ૨-૨ વિકેટ લીધી, જ્યારે શ્રીલંકાના ૬ બેટર્સ ખાતું પણ ખોલાવી શક્યા નહોતા.

શ્રીલંકાની ઈનિંગ્સ ૧૦મી ઓવરમાં ૪૫ રન પર ઓલઆઉટ થઈ ગઈ. ભારતે આ મુકાબલો ૧૨૪ રનથી જીતી લીધો છે. ૧૦મી ઓવરમાં ભારતે સતત ત્રણ વિકેટ લીધી. ૯.૩ બોલ પર તિલક વર્માએ થારિંદુ રત્નાયકેને ૫ રન પર રન આઉટ કર્યો. ૯.૪ બોલ પર અભિષેક શર્માએ ચમિકા કરુણારત્નેને ૪ રન પર સ્ટમ્પિંગ કરાવ્યો, જ્યારે પછીના બોલ પર બિનુરા ફર્નાન્ડોને બોલ્ડ કરી દીધો. આ અભિષેકની બીજી વિકેટ રહી.

## યુપીમાં હનુમાનજી મંદિરના બે સાધુને શખ્સે બાંધીને જીવતા સળગી દીધા!

### મંદિરની જમીનને લઈને લાંબા સમયથી ચાલતો હતો વિવાદ

શાહજહાંપુર,

ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાંથી ચોંકાવનારી ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. ગામમાં આવેલા હનુમાન મંદિરમાં રહીને પૂજા અને મંદિરની સેવા કરતા બે વૃદ્ધોના મોત થયા છે. પ્રાથમિક માહિતી પ્રમાણે બંને વૃદ્ધોને અલગ-અલગ બાંધીને આગ લગાવી દેવામાં આવી હતી. આ ઘટના બુધવારે મોડી રાત્રે લગભગ ૧ વાગ્યે બની હોવાની આશંકા છે. મૃતકોની ઓળખ ગોપાલ દાસ અને મોટા દાસ તરીકે થઈ છે. મોટા દાસ દિવ્યાંગ હોવાનું સામે આવ્યું છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે હનુમાન મંદિર જે જમીન પર આવેલું છે, તેને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. મંદિર સુમિત સિંહના પરિવારની જમીન પર આવેલું છે. જમીન પર કબજો મેળવવા બાબતે બંને વૃદ્ધો સાથે સુમિતનો વિવાદ ચાલતો હોવાની માહિતી સામે આવી છે. ગામલોકોના જણાવ્યા પ્રમાણે, બુધવારે રાત્રે સુમિત ગામમાં ફરતો હતો. ત્યારબાદ તે હનુમાન મંદિર પહોંચ્યો હતો. અહીં બંને વૃદ્ધો સાથે તેનો ઝઘડો થયો હતો. આ પછી સુમિતે બંને વૃદ્ધો સાથે મારપીટ કરી હોવાનો અને તેમને અલગ-અલગ બાંધી દીધા હોવાની શક્યતા છે. ત્યારબાદ મંદિર પરિસર અને આસપાસથી લાકડાં ભેગાં કરીને બંનેને આગ ચાંપી દીધી હોવાની શક્યતા છે. આગમાં ગંભીર રીતે દાઝી જવાથી બંને વૃદ્ધોના મોત થયા હતા.

## અફઘાનિસ્તાનમાં વહેલી સવારે ૫.૩નો ધરતીકંપ

### ભૂકંપનું ઉદ્ગમ સ્થાન માત્ર ૧૦ કિલોમીટરની ઓછી ઊંડાઈએ નોંધાયું

કાબુલ,

આજે ગુરુવારે સવારે અફઘાનિસ્તાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસ અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૩ નોંધાઈ છે. આ ભૂકંપ સવારે લગભગ ૬:૫૯ વાગ્યે આવ્યો. તેનું કેન્દ્રબિંદુ ૩૬.૦૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૬૮.૮૭ ડિગ્રી પૂર્વ રેખાંશ પર છે. ભૂકંપનું ઉદ્ગમ સ્થાન માત્ર ૧૦ કિલોમીટરની ઓછી ઊંડાઈએ નોંધાયું હતું. ભૂકંપનું કેન્દ્રબિંદુ સપાટીની નજીક હોવાને કારણે અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.



આ ભૂકંપના કારણે હજી કોઈ જાનહાનિના સમાચાર પ્રકાશમાં આવ્યું નથી.આ વારના સમયે જ્યારે મોટાભાગના લોકો ઘરોમાં હતા ત્યારે અચાનક ધરતી ધ્રૂજવા લાગતા ભયનો માહોલ સર્જાયો હતો. બહુમાળી ઈમારતો અને મકાનોમાં પંખા તથા વાસણો હલવા લાગતા લોકો જીવ બચાવવા માટે તાત્કાલિક ઘરોમાંથી બહાર નીકળીને ખુલ્લા મેદાન તરફ ભાગ્યા હતા. હિંદુકુશ પર્વતમાળાનો આ વિસ્તાર ભૌગોલિક રીતે ટેક્ટોનિક પ્લેટોની હલચલ માટે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે, જેના કારણે અહીં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાય છે.

# ધનરાજ નથવાણીનો કોર્પોરેટથી ક્રિકેટ અને હવે સંસદ તરફ પ્રયાણ





### અખિલેશ યાદવએ ધનરાજ નથવાણીને રાજ્યસભામાં સમર્થન આપતા માન્યો આભાર : લખનૌમાં ભર્યું ફોર્મ

અમદાવાદ,

નવી પેઢીના એક પ્રોફેશનલ રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કરી રહ્યા છે. ધનરાજ પરિમલ નથવાણી ઉત્તર પ્રદેશથી સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના ઉમેદવાર બન્યા છે. તેમણે બુધવારે લખનૌ ખાતે પક્ષ પ્રમુખ અખિલેશ યાદવ અને વરિષ્ઠ નેતા પ્રોફેસર રામગોપાલ યાદવની ઉપસ્થિતિમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. પ્રો. રામગોપાલ યાદવ પણ ઉપલા ગૃહ (રાજયસભા) માટે પક્ષના ઉમેદવાર છે.

નથવાણીએ રિલાયન્સ ગ્રૂપના ઘણા મહત્વપૂર્ણ વ્યવસાયો અને સંસ્થાકીય પહેલોમાં વરિષ્ઠ જવાબદારીઓ સંભાળી છે. તેઓ રિલાયન્સ કોર્પોરેટ આઈટી પાર્કના બોર્ડના સભ્ય તરીકે સેવા આપે છે.

જે ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊભરતી ટેકનોલોજીના ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમની સક્રિયતા કોર્પોરેટ ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી. નથવાણી ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA) ના પ્રમુખ છે. જ્યાં તેઓ રાજ્યમાં ક્રિકેટના વહીવટ અને વિકાસ સાથે સંકળાયેલા રહ્યા છે. આ એસોસિએશન અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું સંચાલન કરે છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં સમાજવાદી પાર્ટી પાસે પોતાના રાજ્યસભાના બંને ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરવા માટે પૂરતું સંખ્યાબળ છે. આ ચૂંટણી ૧૬ ઓક્ટોબરના રોજ યોજાનાર છે.

નથવાણીની સંસ્થાકીય ભૂમિકાઓ ધર્મ, વન્યજીવ, શિક્ષણ અને ઊર્જા સંશોધન જેવા ક્ષેત્રોમાં પણ વિસ્તરેલી છે. તેઓ દ્વારકામાં દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપન સમિતિના ઉપાધ્યક્ષ છે અને ગુજરાત સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ તેમજ નાથદ્વારા ટેમ્પલ બોર્ડ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત તેઓ પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સના સભ્ય છે અને ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (GERMI) સાથે પણ જોડાયેલા છે.



તેમની કોર્પોરેટ જવાબદારીઓ અને વિવિધ સંસ્થાકીય ભૂમિકાઓએ તેમને વ્યવસાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રમતગમત અને જાહેર સંસ્થાઓમાં વ્યાપક અનુભવ આપ્યો છે.

સમાજવાદી પાર્ટી દ્વારા તેમના નામાંકનથી હવે આ અનુભવ રાજકીય ક્ષેત્રે પ્રવેશી રહ્યો છે, જેમાં ઉત્તર પ્રદેશ તેમની પ્રસ્તાવિત સંસદીય ભૂમિકાનું કેન્દ્રબિંદુ બનશે.

નામાંકન પત્ર રજૂ કર્યા બાદ નથવાણીએ જણાવ્યું હતું કે. "મને ઉત્તર પ્રદેશથી રાજ્યસભા માટે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે પસંદ કરવા બદલ હું આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અખિલેશ યાદવજીનો હૃદયપૂર્વક આભાર માનું છું અને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. મારા જાહેર જીવનના આ નવા તબક્કાની શરૂઆત કરતાં, મેં આજે લખનૌમાં આદરણીય શ્રી અખિલેશ યાદવજીની ઉપસ્થિતિમાં રાજ્યસભા માટે ઉમેદવારી પત્ર ભર્યું છે. આપ સૌના સ્નેહ. વિશ્વાસ અને શુભેચ્છાઓ બદલ હું ખૂબ ખૂબ આભારી છું."

# રશિયન સેનામાં નોકરીની લાલચથી ભારતીયોને સાવધાન રહેવા તાકીદ

### રશિયન આર્મીમાં સામેલ થવું અત્યંત જોખમી, તેનાથી જીવનું મોટું જોખમ ઊભું થઈ શકે: વિદેશ મંત્રાલય

નવી દિલ્હી,

વિદેશમાં ઊંચા પગારની નોકરી શોધી રહેલા ભારતીય યુવાનો માટે વિદેશ મંત્રાલયે એક મહત્વપૂર્ણ અને ગંભીર ચેતવણી જાહેર કરી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, રશિયન સશસ્ત્ર દળોમાં સહાયક કે અન્ય નોકરી મેળવવાના નામે ભારતીયોને જોખમી ક્ષેત્રોમાં મોકલવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યાં છે. જેથી સરકારે સ્પષ્ટ કર્યું છે કે રશિયન આર્મીમાં સામેલ થવું અત્યંત જોખમી છે અને તેનાથી જીવનું મોટું જોખમ ઊભું થઈ શકે છે.

છેલ્લા બે વર્ષથી સરકાર આવા જોખમો અંગે લોકોને જાગૃત કરી રહી છે. તેમ છતાં, કેટલાક લોકો તાત્કાલિક આર્થિક લાભ મેળવવાની આશામાં આવી જોખમી તકો ઝડપી લે છે અને બાદમાં મુશ્કેલીમાં મુકાતા ભારત સરકારની મદદ માંગે છે. જેથી અત્યારે જ સરકાર દ્વારા એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે અને ભારતીય નાગરિકોને ચેતવણી આપવામાં આવી છે.

મંત્રાલયના રિપોર્ટ અનુસાર, કેટલીક બિન-સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા પણ ભારતીયોને રશિયન સેનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, કેટલાક કિસ્સામાં ભારતીય નાગરિકતા છોડીને રશિયન પાસપોર્ટ મેળવવાની અને પછી આર્મીમાં જોડાવાની પ્રલોભનકારી જાળ બિછાવવામાં આવે છે. સરકારે નાગરિકોને અપીલ કરી છે કે, થોડા સમયના નાણાકીય ફાયદા માટે આ પ્રકારના નિર્ણયો ન લે, કારણ કે આ પ્રકારના જોખમો સીધા જીવલેણ નીવડી શકે છે. હાલમાં જ તેલંગાણાના ૪ યુવાનોને સિવિલ જોબના નામે રશિયા લઈ જઈને સેનાના મોરચે ધકેલી દેવાયા હોવાની ઘટના પણ સામે આવી હતી.

CMYK

# સફાઈ અને વિકાસ કામોમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ પર વડોદરા મનપા કમિશનરની લાલ આંખ

## કમિશનર અરુણ મહેશ બાબુની ૧૬ એન્જિનિયરો, SI અને વોર્ડ અધિકારીઓને નોટિસ, ટર્મિનેટ કરવાની ચેતવણી

વડોદરા,

વડોદરા મહાનગરપાલિકામાં ફરજ કમિશનર અરુણ મહેશ બાબુએ બોલાવેલી ઉચ્ચસ્તરીય રિવ્યુ બેઠકમાં તંત્ર દ્વારા નગરની કામગીરી સુધારવા માટે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. વડોદરા શહેરમાં ચાલતી વિવિધ વિકાસ કાર્યો અને સફાઈ વ્યવસ્થાઓની સમીક્ષા કરતી વખતે કમિશનરે કામગીરીમાં લાપરવાહી દાખવનાર અધિકારીઓ સામે લાલ આંખ કરી છે.

બેઠક દરમિયાન કામમાં ગંભીર બેદરકારી સામે આવતા કમિશનરે ત્વરિત પગલાં લેતા વિવિધ વિભાગના કુલ ૧૬ એન્જિનિયરોને કારણદર્શક નોટિસો ફટકારી છે. માત્ર એન્જિનિયરો જ નહીં પરંતુ સફાઈ કામગીરી પર પૂરતું ધ્યાન ન આપનાર જીૈં (સેનિટેશન ઈન્સ્પેક્ટર) અને સુપરવાઈઝરોને પણ નોટિસ આપવાની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

તેમજ શહેરના અલગ-અલગ વોર્ડમાં નાગરિકોની ફરિયાદો અને સફાઈના પ્રશ્નોના નિવારણમાં મોડું થતા હવે સીધા વોર્ડ ઓફિસરો સામે પણ સકંજો કસવામાં આવ્યો છે. સંબંધિત વોર્ડ ઓફિસરો સામે પણ નોટિસ પાઠવવાની કાર્યવાહી શરૂ થતાં પાલિકા વર્તુળોમાં ભારે હડકંપ મચી ગયો છે.

મનપા. કમિશનર દ્વારા બોલાવામાં આવેલ રીવ્યુ બેઠકમાં કડક શબ્દોમાં ચેતવણી આપતા ફરજ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, પબ્લિક સેટિસ્ફેક્શન (જનતાનો સંતોષ) માટે તમામ અધિકારીઓએ સખત મહેનત કરવી જ પડશે. જો આગામી સમયમાં કામગીરીમાં કોઈ સુધારો જોવા નહીં મળે, તો સીધા ટર્મિનેશન (નોકરીમાંથી બરતરફ) સુધીના કડક પગલાં લેવામાં આવશે, તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. આ બેઠક બાદ પાલિકાના બેદરકાર અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ગુજરાત હાઈકોર્ટમાં હવે ડિજિટલ યુગઃ પેપરલેસ કોર્ટ માટે ઈ-ફાઈલિંગ સિસ્ટમનું ઉદ્ઘાટન

## ડેશબોર્ડ પર રીઅલ-ટાઈમ આંકડા અને કેસ સંબંધિત માહિતી ઉપલબ્ધ થશે

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટમાં પેપરલેસ અને ડિજિટલ ન્યાય વ્યવસ્થાની દિશામાં મહત્વપૂર્ણ શરૂઆત કરવામાં આવી છે. હાઈકોર્ટના eGujHC પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરવામાં આવેલા નવા પેપરલેસ કોર્ટ મોડ્યુલ અને ઈ-ફાઈલિંગ સોલ્યુશનનું મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ દ્વારા અન્ય ન્યાયમૂર્તિઓની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા જ ઈન-હાઉસ વિકસાવવામાં આવેલી આ સિસ્ટમનો મુખ્ય હેતુ કોર્ટની કાર્યવાહી વધુ ડિજિટલ, ઝડપી, પારદર્શક અને પેપરલેસ બનાવવાનો છે. શરૂઆતના તબક્કામાં આ ઈ-ફાઈલિંગ સેવા આર્બિટ્રેશન, ટેક્સ અને સર્વિસ સંબંધિત કેસો માટે શરૂ કરવામાં આવશે. ત્યારબાદ તબક્કાવાર તેને અન્ય તમામ પ્રકારના કેસોમાં પણ લાગુ કરવામાં આવશે.

આ સિસ્ટમમાં મુખ્ય ન્યાયમૂર્તિ, અન્ય ન્યાયમૂર્તિઓ, વકીલો, ક્લાર્ક, સરકારી અધિકારીઓ, પક્ષકારો અને રજિસ્ટ્રી સ્ટાફ માટે અલગ-અલગ ડેશબોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. આ ડેશબોર્ડ પર રીઅલ-ટાઈમ આંકડા અને કેસ સંબંધિત માહિતી ઉપલબ્ધ રહેશે. મુખ્ય કેસ ઉપરાંત મધ્યવર્તી અરજીઓ, કેવિએટ અને અન્ય દસ્તાવેજો પણ ઓનલાઈન ફાઈલ કરી શકાશે.

સુરક્ષાની દૃષ્ટિએ સિસ્ટમમાં મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન અને બાયોમેટ્રિક સિક્યોરિટીની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ દરેક કેસ ફાઈલનું પેજ નંબરિંગ અને ઈન્ડેક્સિંગ પણ સિસ્ટમ દ્વારા ઓટોમેટિક રીતે કરવામાં આવશે. જેના કારણે જજ, વકીલ અને રજિસ્ટ્રી એક જ કેસ ફાઈલનું એકસરખું પેજ કમ્પ્યુટર અથવા ટચસ્ક્રીન પર જોઈ શકશે. ફાઈલિંગ સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના કારણે ફાઈલિંગની સ્ક્રુટિની પ્રક્રિયા વધુ ઝડપી બનશે અને કેસમાં રહેલી પ્રક્રિયાત્મક ભૂલોને શરૂઆતના તબક્કે જ ઓળખી શકાશે. જજ અને વકીલો માટે કેસ ફાઈલ પર ટચ-પેનની મદદથી ડિજિટલ નોંધ અને હાઈલાઈટ કરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# સુરતમાં રત્નકલાકાર સાથે ક્રિપ્ટો અને ફોરેક્સ ટ્રેડિંગના નામે ૩૯.૬૫ લાખની ઠગાઈ

સુરત,

રાજ્ય સહીત સમગ્ર દેશમાં ડાયમંડ સીટી તરીકે પ્રખ્યાત એવા સુરતમાં ઓનલાઈન ટ્રેડિંગ અને રોકાણના નામે સાયબર ફ્રોડની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે સુરતમાં વધુ એક રત્નકલાકાર સાયબર ઠગાઈનો શિકાર બન્યા છે. ક્રિપ્ટોકરન્સી અને ફોરેક્સ ટ્રેડિંગમાં ટૂંકા સમયમાં મોટો નફો મેળવવાની લાલચ આપીને ઠગ દંપતિએ રત્નકલાકાર પાસેથી તબક્કાવાર ?૩૯.૬૫ લાખનું રોકાણ કરાવી લીધું હતું.

મહેનતની કમાણી અને બચતના નાણાં ટ્રેડિંગમાં રોક્યા બાદ જ્યારે નફો કે મૂળ રકમ પરત માંગવાની શરૂઆત કરી, ત્યારે ઠગ દંપતિનો અસલી ચહેરો સામે આવ્યો હતો. દંપતિએ નાણાં પરત આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી અને હાથ ઊંચા કરી લીધા હતા. એટલું જ નહીં, રત્નકલાકારને "તારાથી થાય તે કરી લે, તું મારું કશું બગાડી નહીં શકે" તેવી ખુલ્લેઆમ ધમકીઓ આપી રોફ જમાવ્યો હતો.

પોતાની સાથે થયેલી મોટી છેતરપિંડી અને ધમકી બાદ આખરે રત્નકલાકારે પોલીસનો સંપર્ક કર્યો હતો. તેમણે આ ઠગાઈ કરનાર દંપતિ વિરુદ્ધ સુરતના અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. અશ્વિનીકુમાર પોલીસે રત્નકલાકારની ફરિયાદના આધારે ગુનો નોંધીને ગુનેગાર દંપતિની ધરપકડ કરવા અને નાણાંની રિકવરી માટે કાયદેસરની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે.

# જુનાગઢ, ગીર સોમનાથ સહીત આસપાસના વિસ્તારોમાં પવન સાથે વરસાદી ઝાપટા

જુનાગઢ,

છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના અનેક જીલ્લાઓમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો, ગરમી અને બફારાથી લોકોને રાહત મળી છે. બપોર બાદ આકાશમાં વાદળો જોવા મળ્યા હતા અને બાદમાં પવન સાથે મેઘરાજાએ પધરામણી કરી હતી જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા પંથકના ધાવા, રમરેચી, ચિત્રોડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. લાંબા સમય પછી પડેલા આ વરસાદથી સુકાઈ રહેલા ચોમાસુ પાકોને નવજીવન મળતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે આનંદની લહેર ફરી વળી છે.

તો બીજી તરફ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકામાં ગાજવીજ અને ચક્રવાતી પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. બપોર પછીના સમયગાળામાં તરસીંગડા, અમરાપુર, વિરડી અને માતવાણીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભારે પવનના લીધે કેટલાક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી છે, જેનાથી થોડો સમય વાહનવ્યવહાર ખોરવાયો હતો.

અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને બગસરા પંથકમાં પણ બપોર બાદ મેઘરાજાએ તોફાની એન્ટ્રી કરી હતી. ધારી ગીરકાંઠાના સરસિયા, ગોવિંદપુર, વીરપુર, ગઢિયા, જીરા અને હીરાવા ગામોમાં ધોધમાર વરસાદ પડતાં ધારીના સરસિયા ગામની સ્થાનિક નદીમાં નવા નીર આવ્યા હતા.

# સાગબારા મુદ્દે મનસુખ વસાવાનો પીએમ મોદીને પત્ર, વન વિભાગ સામે ગંભીર આક્ષેપ

## પોતાની જ સરકારના તંત્ર અને વન વિભાગની કામગીરી અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા



ભરૂચ,

ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડિયાપાડા વિસ્તારમાં જંગલ જમીન તથા આદિવાસી ખેડૂતોના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હોવાની માહિતી સામે આવી છે. પત્રમાં તેમણે પોતાની જ સરકારના તંત્ર અને વન વિભાગની કામગીરી અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

મનસુખ વસાવાના જણાવ્યા મુજબ, સાગબારા વિસ્તારમાં આદિવાસી ખેડૂતોને તેમની ખેતી અને જમીન સંબંધિત હકોના મામલે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને વનમંત્રી સમક્ષ અગાઉ રજૂઆતો કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન થઈ હોવાનો દાવો કર્યો છે. સાગબારા જંગલ જમીનનો મુદ્દો છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. તાજેતરમાં પણ ખોપી સહિતના ગામોમાં ખેતીના મુદ્દે ખેડૂતો અને વન વિભાગ વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ હતી. પત્રમાં મનસુખ વસાવાએ સાગબારા વિસ્તારના આદિવાસી ખેડૂતોની સ્થિતિ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હોવાનું જણાવાયું છે. તેમણે એવો આક્ષેપ કર્યો છે કે ખેડૂતોને સરકારી તંત્ર તરફથી પૂરતો ન્યાય મળતો નથી. સાંસદે આ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ સમિતિ બનાવવાની અને જો કોઈ અધિકારી કે વ્યક્તિ જવાબદાર જણાય તો નિયમ મુજબ કાર્યવાહી કરવાની માગ કરી હોવાનું સામે આવ્યું છે.

વસાવાએ પત્રમાં ડેડિયાપાડા અને સાગબારા વિસ્તારમાં આશરે ૪૦૦થી ૫૦૦ એકર જેટલી જંગલ જમીન પર ગેરકાયદેસર ખેડાણ અથવા દબાણ થયાનો આક્ષેપ કર્યો છે.

# નવરાત્રી મહોત્સવ : અમદાવાદની યુવતીઓમાં ચણિયા-ચોળી સાથે મેચિંગ જ્વેલરીનો ક્રેઝ

## નવરાત્રીમાં ટ્રેડિશનલ દાંડિયાથી લઈને બેરિંગવાળા, લાઈટવાળા અને બેરિંગ સાથે લાઈટિંગવાળા દાંડિયા જોવા મળશે : ઓક્સિડાઈઝ્ડ અને કોડીવાળી જ્વેલરીની પણ ભારે માંગ

અમદાવાદ,

નવરાત્રી નજીક આવતાં જ અમદાવાદના બજારોમાં ગરબાની રંગત જામી રહી છે. યુવતીઓમાં ચણિયા-ચોળી સાથે મેચિંગ જ્વેલરીનો ક્રેઝ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ અવનવા ડિઝાઈનના દાંડિયા પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ટ્રેડિશનલ દાંડિયાથી લઈને બેરિંગવાળા, લાઈટવાળા અને બેરિંગ સાથે લાઈટિંગવાળા દાંડિયાની નવી નવી ડિઝાઈન બજારમાં જોવા મળી રહી છે. સાથે જ કલરફુલ ઓનર્મિન્ટ્સ, મિરર વર્ક, કુંદન, ઓક્સિડાઈઝ્ડ અને કોડીવાળી જ્વેલરીની પણ ભારે માંગ જોવા મળી રહી છે. ખાસ વાત એ છે કે હવે યુવાઓ નવરાત્રીના દરેક દિવસ માટે અલગ લુક અને અલગ સ્ટાઈલ પસંદ કરી રહ્યા છે.



નવરાત્રીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે અને તેની અસર શહેરના બજારોમાં પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. નવરાત્રી માટે ખરીદી કરવા લોકો બજારમાં ઉમટી રહ્યા છે, ત્યારે આ વખતે ખાસ કરીને દાંડિયા, ઓર્નામિન્ટ્સ અને ટ્રેડિશનલ જ્વેલરી યુવાઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. નવરાત્રી એટલે ગરબા, ચણિયા-ચોળી અને રંગબેરંગી પરંપરાગત લુક. પરંતુ સમય સાથે ગરબાની ફેશનમાં પણ સતત નવા ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. યુવતીઓ હવે માત્ર એક જ પ્રકારની જ્વેલરી કે એક જ લુક પસંદ કરતી નથી, પરંતુ નવરાત્રીના અલગ અલગ દિવસ માટે અલગ સ્ટાઈલ તૈયાર કરી રહી છે.

દાંડિયાના ઉત્પાદક કહે છે કે દાંડિયા બનાવવાનું કામ અમારા બાપ-દાદા વખતથી... અમારા દાંડિયા આખા ઈન્ડિયામાં જાય છે... એક્રેલિક, લાકડું, સ્ટીલ, લોખંડ એમ ઘણા બધા પ્રકારના દાંડિયા બનાવીએ છીએ. પરંપરાગત ટ્રેડિશનલ દાંડિયાથી લઈને બેરિંગવાળા દાંડિયા, લાઈટવાળા દાંડિયા અને બેરિંગ સાથે લાઈટિંગવાળા દાંડિયા સુધીની વિવિધ ડિઝાઈન બનાવવામાં આવે છે. ખાસ કરીને યુવાઓમાં સ્ટાઈલિશ અને અનોખા દાંડિયાની માંગ વધી છે.

# વરિષ્ઠ નાગરિકો માટે આદર અને ગૌરવઃ વિકસિત ભારતનો પાયો

દર વર્ષે ૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ આપણને વરિષ્ઠ નાગરિકોના આદર, અધિકારો, સુરક્ષા અને ગૌરવપૂર્ણ જીવન પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને ફરીથી સ્થાપિત કરવાની તક પૂરી પાડે છે. વધતું આયુષ્ય આધુનિક સમાજની એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે, પરંતુ દીર્ઘાયુષ્ય ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે દરેક વરિષ્ઠ નાગરિકને સુરક્ષા, આદર, સ્વતંત્રતા અને સામાજિક ભાગીદારીનું જીવન જીવવાની તક મળે.

ભારતમાં વરિષ્ઠ નાગરિકોના કલ્યાણને સરકારની વ્યાપક સામાજિક સુરક્ષા વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય વરિષ્ઠ નાગરિકો માટે આશ્રય, આરોગ્યસંભાળ સહાય, સામાજિક સુરક્ષા, સરળ જીવન અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવા માટે સતત કાર્યરત છે.

સરકારનો અભિગમ ફક્ત કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ પૂરતો મર્યાદિત નથી. તેનો ઉદ્દેશ્ય એક સમાવિષ્ટ વાતાવરણ બનાવવાનો છે જેમાં વરિષ્ઠ નાગરિકો મુખ્ય પ્રવાહના સમાજમાં સક્રિય સહભાગી રહે અને તેમના અનુભવો, જ્ઞાન અને મૂલ્યો ભવિષ્યની પેઢીઓને સોંપવામાં આવે.

**વરિષ્ઠ નાગરિકો માટે મજબૂત સંસ્થાકીય વ્યવસ્થા**

જે વૃદ્ધ નાગરિકો પાસે પૂરતો પરિવાર કે અન્ય કોઈ પ્રકારનો ટેકો નથી, તેમને આશ્રય અને સંભાળની ખાતરી કરવી એ સરકારની પ્રાથમિકતા છે.

વરિષ્ઠ નાગરિકો માટેના સંકલિત કાર્યક્રમ (ૈંહીખ્તક્ષ્ટીઙ્ઘ ઁિક્ષ્ઙ્ઘદ્બી કિ જીીહૈિ ઝ્રૈંડીહજ – જીઝ્ર) હેઠળ, વૃદ્ધાશ્રમ અને વરિષ્ઠ નાગરિકો માટે સતત સંભાળ ગૃહો ૨૦૧૪-૨૦૧૫ નાણાકીય વર્ષથી કાર્યરત છે. દ્ગય્ં, પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત આ સંસ્થાઓએ ૧૦.૭૬ લાખથી વધુ વરિષ્ઠ નાગરિકોને સહાય પૂરી પાડી છે.

આ દિશામાં સરકારી નાણાકીય સહાયમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ સહાય વાર્ષિક આશરે ?૧૫ કરોડથી વધીને ?૧૨૪ કરોડથી વધુ થઈ ગઈ છે.

આ વધારો વરિષ્ઠ નાગરિકો માટે સંસ્થાકીય સંભાળ અને સામાજિક સુરક્ષા પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

**સહાયક ઉપકરણોના માધ્યમથી આત્મનિર્ભરતા**

વરિષ્ઠ નાગરિકો માટે આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવામાં સહાયક ઉપકરણો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વાંચવા, સાંભળવા, ચાલવા-ફરવા અને દૈનિક પ્રવૃત્તિઓને સરળ બનાવતા ઉપકરણો તેમના જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવી શકે છે.

આ માટે, રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ દેશભરમાં વિવિધ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરો દ્વારા, ૯૦૦,૦૦૦થી વધુ વરિષ્ઠ નાગરિકોને ૫૩ લાખથી વધુ નિઃશુલ્ક સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ ઉપકરણોમાં વ્હીલચેર, શ્રવણ યંત્ર, ચાલવા માટેની લાકડીઓ અને ચશ્મા વગેરેનો સમાવેશ થાય છે. આ પહેલનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકોને રોજિંદા જીવનમાં વધુ સ્વતંત્ર બનાવવા અને તેમની ગતિશીલતા અને સામાજિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

**એલ્ડરલાઈનઃ સહાય અને માર્ગદર્શન માટે એક સશક્ત માધ્યમ**

એલ્ડરલાઈન હેલ્પલાઈન - ૧૪૫૬૭, જરૂરિયાતના સમયે વરિષ્ઠ નાગરિકોને સહાય, સલાહ અને માર્ગદર્શન આપવા માટે કાર્યરત છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા સંચાલિત આ હેલ્પલાઈન ૨૦૨૧માં શરૂ કરવામાં આવી હતી.

હેલ્પલાઈનને ૨૯ લાખથી વધુ કોલ્સ મળ્યા છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ ડિફેન્સ (દ્ગૈંજીડ્ઢ), જે તેના અમલીકરણની દેખરેખ રાખે છે, તેણે નાણાકીય વર્ષ ૨૦૨૧ થી ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં માહિતી, માર્ગદર્શન, ભાવનાત્મક સમર્થન અને ક્ષેત્રીય હસ્તક્ષેપ માટે ૮,૬૭,૦૦૦થી વધુ કાર્યવાહી કરી શકાય તેવા કોલનો જવાબ આપ્યો છે; આ એક સતત ચાલનારી પ્રક્રિયા છે.

વધુમાં, વરિષ્ઠ નાગરિકોની સંભાળની ગુણવત્તા સુધારવા માટે પ્રશિક્ષિત માનવ સંસાધનોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ૨૦૨૩થી અત્યાર સુધી ૩૦,૦૦૦થી વધુ વૃદ્ધાવસ્થાના સંભાળ રાખનારાઓને તાલીમ આપવામાં આવી છે. આ તાલીમ પામેલા સંભાળ રાખનારાઓ દેશભરના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વરિષ્ઠ નાગરિકોને સહાય કરી રહ્યા છે.

**માત્ર સરકારી યોજનાઓ જ નહીં, સામાજિક ભાગીદારી પણ જરૂરી**

વરિષ્ઠ નાગરિકો માટે સંસ્થાકીય વ્યવસ્થાને મજબૂત બનાવવાની સાથે, સમાજમાં સંવેદનશીલતા અને ભાગીદારીની ભાવના વિકસાવવી પણ જરૂરી છે.



- બી. એલ. વર્મા

શહેરીકરણ, રોજગારની તકો, શિક્ષણ અને વધતી ગતિશીલતાને કારણે પરિવારોની રચનામાં પરિવર્તન આવ્યું છે. પરિણામે, ઘણા વરિષ્ઠ નાગરિકો તેમના બાળકો અને પૌત્ર-પૌત્રીઓથી અલગ રહી રહ્યા છે. આવી પરિસ્થિતિઓમાં, આંતર-પેઢી સંવાદ અને જોડાણનું મહત્વ વધી જાય છે.

વરિષ્ઠ નાગરિકો ફક્ત સહાય શોધતી વ્યક્તિઓ નથી. તેમની પાસે જીવનનો વ્યાપક અનુભવ, જ્ઞાન, કુશળતા અને સામાજિક યાદોનો ભંડાર છે. તેઓ પરિવારો, સમુદાયો અને સમાજ માટે માર્ગદર્શક, સ્વયંસેવકો અને રોલ મોડેલ તરીકેની ભૂમિકા ભજવી શકે છે.

તેવી જ રીતે, યુવા પેઢીઓ તેમની ઊર્જા, ટેકનોલોજીકલ જ્ઞાન અને બદલાતા સમયની સમજણ દ્વારા વરિષ્ઠ નાગરિકોના જીવનને વધુ આરામદાયક બનાવી શકે છે. બે પેઢીઓ વચ્ચેનો આ સંવાદ સંવેદનશીલ અને સમાવિષ્ટ સમાજના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**પેઢીઓ વચ્ચેના સંબંધોને પ્રોત્સાહન આપતી પહેલ**

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે વરિષ્ઠ નાગરિકો અને યુવા પેઢી વચ્ચે વાતચીત અને સંબંધોને મજબૂત બનાવવા માટે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

શાળાઓ દ્વારા "દાદા-દાદી મિલન સમારોહ" જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું, જેનાથી બાળકોને વરિષ્ઠ નાગરિકો સાથે સંવાદ કરવાની, તેમની જીવન-કથાઓ સાંભળવાની અને તેમના અનુભવોમાંથી શીખવાની તક મળી.

તેવી જ રીતે, વોકાથોન જેવા કાર્યક્રમોએ વરિષ્ઠ નાગરિકો અને યુવા પેઢીને એકસાથે લાવવા અને સામાજિક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

મંત્રાલયે વરિષ્ઠ નાગરિકોની સંભાળના ક્ષેત્રમાં કામ કરતી સામાજિક અને આધ્યાત્મિક સંસ્થાઓ, જેમ કે બ્રહ્માકુમારીઓ, રામકૃષ્ણ મિશન અને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, વગેરે સાથે ૭ સમજૂતી કરાર (સ્ર્ેં) પર પણ હસ્તાક્ષર કર્યા છે.

વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન દેશભરમાં આયોજિત વિવિધ કાર્યક્રમોના અનુભવો, પ્રયાસો અને પ્રેરણાદાયી ઘટનાઓને મંત્રાલય દ્વારા 'સ્નેહ ઈ-બુક'માં સંકલિત કરવામાં આવી છે.

**ભારતીય પરંપરામાં વડીલો માટે આદર**

ભારતીય સંસ્કૃતિમાં વડીલોનું સન્માન કરવાની અને તેમના અનુભવોમાંથી શીખવાની પરંપરા સદીઓ જૂની છે. તૈત્તિરીય ઉપનિષદમાં, જે વિદ્યાર્થીઓએ તેમનું શિક્ષણ પૂર્ણ કર્યું છે તેમને આપવામાં આવેલો સંદેશ છે "માતૃદેવ ભવ, પિતૃદેવો ભવ".

આ ફક્ત માતા-પિતા પ્રત્યે આદરનો સંદેશ નથી, પરંતુ ભારતીય વિશ્વ દૃષ્ટિકોણમાં રહેલા પરિવાર, અનુભવ અને જ્ઞાન પ્રત્યેના આદરની વ્યાપક ભાવનાને પણ વ્યક્ત કરે છે.

આજે, આ મૂલ્યોને આધુનિક સામાજિક વ્યવસ્થા સાથે સાંકળીને પેઢીગત સંવાદને મજબૂત બનાવવાની જરૂર છે.

**સેવાથી સામાજિક સંવેદનશીલતા સુધી**

વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટે સરકારી યોજનાઓ અને સંસ્થાકીય વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી રહી છે, પરંતુ સામાજિક સંવેદનશીલતા અને વ્યક્તિગત ભાગીદારી પણ એટલી જ જરૂરી છે.

આ વર્ષે, આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ "સેવા સંકલ્પ અભિયાન" દરમિયાન આવે છે. ૧૭ સપ્ટેમ્બરથી દેશભરમાં ચાલી રહેલ આ અભિયાન સેવા અને સામાજિક ભાગીદારીની ભાવનાને પ્રોત્સાહન આપી રહ્યું છે.

**વરિષ્ઠ નાગરિકોની સેવા કરવી એ આભાર - નિહારીકા રવિયા**

ફક્ત મોટા પાયે કાર્યો સુધી મર્યાદિત નથી. વૃદ્ધ પાડોશીને રોજિંદા કાર્યોમાં મદદ કરવી, તેમને ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરવામાં મદદ કરવી, જરૂરી ફોર્મ ભરવું, તેમને બેંક કે હોસ્પિટલમાં લઈ જવા અથવા ફક્ત તેમની જરૂરિયાતોને ધીરજપૂર્વક સાંભળવી એ બધા સેવાના મહત્વપૂર્ણ સ્વરૂપો છે.

આવી નાની-નાની પહેલ વરિષ્ઠ નાગરિકોના આત્મવિશ્વાસ અને સામાજિક જોડાણની ભાવનાને મજબૂત બનાવે છે.

**વિકસિત ભારતમાં વરિષ્ઠ નાગરિકોની મહત્વપૂર્ણ ભૂમિકા**

"સબકા સાથ, સબકા વિકાસ"ના માર્ગદર્શક દ્રષ્ટિકોણને અનુરૂપ, વરિષ્ઠ નાગરિકોનું કલ્યાણ એ સમાવેશી વિકાસનો એક મહત્વપૂર્ણ ઘટક છે.

સરકાર નીતિઓ અને સંસ્થાકીય માળખા પ્રદાન કરી શકે છે, પરંતુ વરિષ્ઠ નાગરિકો પ્રત્યે આદર, સંબંધ અને સંવેદનશીલતાનું વાતાવરણ ફક્ત સમાજની સામૂહિક ભાગીદારી દ્વારા જ બનાવી શકાય છે.

વિકસિત ભારત ફક્ત આર્થિક પ્રગતિ અને આધુનિક માળખાકીય સુવિધાઓ વિશે નથી. તે એક એવું ભારત છે જ્યાં દરેક નાગરિક, ઉંમરને ધ્યાનમાં લીધા વિના, આદર, સુરક્ષા અને ગૌરવ સાથે જીવન જીવી શકે છે.

વરિષ્ઠ નાગરિકો આપણા સમાજની જીવંત સ્મૃતિ, અનુભવ અને જ્ઞાનના વાહક છે. તેમના અનુભવોને આગામી પેઢી સાથે જોડવા એ આપણી સામાજિક જવાબદારી અને રાષ્ટ્રીય આવશ્યકતા બંને છે.

આજે આપણે વરિષ્ઠ નાગરિકો સાથે જે સન્માન, ધૈર્ય અને સંવેદનશીલતા સાથે વ્યવહાર કરીશું, તે જ આવનારા ભારતનું સામાજિક સ્વરૂપ નક્કી કરશે.

એક સંવાદ, એક કલાક અને એક આત્મીય જોડાણ - એક વરિષ્ઠ નાગરિકના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે આટલું જ જરૂરી છે.

વિકસિત ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે જ્યારે દરેક વરિષ્ઠ નાગરિકને આદર, સુરક્ષા અને ગૌરવ સાથે જીવવાની તક મળશે અને જ્યારે દરેક નવી પેઢીને તેમના વડીલોના અનુભવો અને મૂલ્યોમાંથી શીખવાની તક મળશે.

**(લેખક સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી છે.)**

# જેસરમાં સિંહ-દીપડાના ત્રાસથી અકળાયેલા ખેડૂતોનું હલ્લાબોલ: કાયમી ઉકેલની માગ સાથે આપ્યું આવેદન




ભાવનગર જિલ્લાના જેસર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વન્ય પ્રાણીઓ જેવા કે સિંહ અને દીપડાના સતત વધી રહેલા રંજાડના કારણે ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ છવાયો છે. ખેતરોમાં હિંસક પ્રાણીઓના અવારનવાર આંટાફેરાથી ખેતીકામ કરવું જોખમી બનતાં મોટી સંખ્યામાં અકળાયેલા ખેડૂતો અને ગ્રામજનો જેસર ખાતે એકઠા થયા હતા. રોષે ભરાયેલા ખેડૂતોએ પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આ સમસ્યામાંથી કાયમી છુટકારો અપાવવાની માગ સાથે સંબંધિત તંત્રને આવેદનપત્ર પાઠવ્યું હતું. ગ્રામજનોએ એકતા દર્શાવી તંત્ર પાસે વન્યજીવોના ત્રાસમાંથી વહેલી તકે નિરાકરણ લાવવા કડક પગલાં ભરવાની અપીલ કરી છે.

# શાસ્ત્રીનગર જૈન દેરાસરથી RTO સર્કલ તરફનો રસ્તો વન-વે જાહેર

## વાહનચાલકો માટે વૈકલ્પિક ડાયવર્જન રૂટ જાહેર કરાયો, ડ્રેનેજ કામગીરી સબબ જાહેરનામું

ભાવનગર,તા.૧

ભાવનગર મહાપાલિકાના ડ્રેનેજ વિભાગ દ્વારા જાહેર જનતાની સુવિધા અર્થે શહેરના વડવા – અ વોર્ડમાં આવેલ વિશ્વકર્મા સર્કલથી આર.ટી.ઓ. સર્કલ સુધીના રાજકોટ રોડ પર ડાબી બાજુએ ૪૫૦ એમ.એમ.થી ૬૦૦ એમ.એમ. ડાયામીટરની ડ્રેનેજ લાઈન નાખવાની મહત્વપૂર્ણ કામગીરી મંજૂર કરવામાં આવી છે. આ કામગીરી ઝડપથી અને સુરક્ષિત રીતે પૂર્ણ થાય તે હેતુથી ટ્રાફિકની સલામતીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ખાસ ટ્રાફિક ડાયવર્જન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૨૩૬ હેઠળ મળેલા અધિકારોની રૂએ મ્યુનિસિપલ કમિશનર ડૉ. નરેન્દ્ર કુમાર મીના (આઈ.એ.એસ.) દ્વારા જાહેરનામું બહાર પાડીને તા. ૦૧/૧૦/૨૦૨૬ થી તા. ૦૫/૧૧/૨૦૨૬ સુધી શાસ્ત્રીનગર જૈન દેરાસરથી બ્રીજ એપ્રોચ રોડ થઈ આર.ટી.ઓ. સર્કલ તરફના ડાબી બાજુના રસ્તા પર તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ સમયગાળા દરમિયાન વાહનચાલકોની સુવિધા માટે વૈકલ્પિક ડાયવર્જન રૂટ નક્કી કરવામાં આવ્યો છે. જે મુજબ તમામ વાહનોએ શાસ્ત્રીનગર જૈન દેરાસરની સામેથી વિજયરાજનગર સર્કલ, ડાહ્યાભાઈ ચોક અને જવેલ્સ સર્કલ થઈને આર.ટી.ઓ. સર્કલ તરફ જવાનું રહેશે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોને કોઈ અગવડ ન પડે તે માટે આ જાહેરનામાની નકલો સંબંધિત વિસ્તારોમાં પ્રદર્શિત કરવા તથા વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ કરવા માટે કમિશનરે આદેશ આપ્યા છે.

# નાણાં પરત માગતા છરી-ધોકા સાથે ધસી જઈ ધમકી આપી

ભાવનગર,તા.૧

ભાવનગરના બોરતળાવ મફતનગર વિસ્તારમાં રહેતા હીરા ઘસતા રાકેશભાઈ દિનેશભાઈ રાઠોડે પોતાના મિત્ર રોહિત દુધરેજીયાને રૂ.૫,૦૦૦ ઉછીના આપ્યા હતા. નાણાં પરત માગતા મનમાં અદાવત રાખી રોહિત અને તેનો ભાઈ વિપુલ ૨૯ સપ્ટેમ્બરના રોજ છરી અને ધોકા સાથે રાકેશભાઈના ઘરે ધસી આવ્યા હતા. તે સમયે રાકેશભાઈ હાજર ન હોવાથી બંને ભાઈઓએ તેમની પત્નીને અપશબ્દો કહી 'રાકેશ મળશે તો તેને છરીના ઘા મારી ટાંટિયા ભાંગી નાખીશું' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ અંગે બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે રોહિત અને વિપુલ દુધરેજીયા વિરુદ્ધ BNS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તળાજા ખાતે ૮૦૬ વરિષ્ઠ નાગરિકોને રૂ.૭૭ લાખના સાધનોનું વિતરણ

## કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વડીલોને ૪,૫૨૭ સાધનો એનાયત





ભાવનગર,તા.૧

કેન્દ્રીય રાજ્યમંત્રી તથા સાંસદ નિમુબેન બાંભણીયા અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં તળાજા આઈ.ટી.આઈ. ખાતે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિ:શુલ્ક સહાયક સાધન વિતરણ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ વરિષ્ઠ નાગરિકોને આત્મનિર્ભર બનાવવા આ સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. સમગ્ર જિલ્લામાં રૂ.૭.૬૫ કરોડથી વધુની કિંમતના સાધનો વિતરણ કરવાનું આયોજન છે. કેમ્પ દરમિયાન તળાજા તાલુકાના ૮૦૬ વરિષ્ઠ નાગરિકોને રૂ.૭૭ લાખની કિંમતના ૪,૫૨૭ સાધનોનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું.

ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માએ વડીલોને સમાજનો આધાર ગણાવતા 'સેવા સંકલ્પ અભિયાન' અને સરકારી યોજનાઓની માહિતી આપી હતી, જ્યારે ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણે તળાજા વિસ્તારના વિકાસકામોની વિગતો રજૂ કરી હતી. આ કેમ્પમાં વ્હીલચેર, શ્રવણયંત્રો, કમર-ઘૂંટણના પટ્ટા, વોકર્સ, કૃત્રિમ દાંતની બત્રીસી સહિતના વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે સરકારી મેડિકલ કોલેજના મેડિકલ ઓફિસર ડૉ. ગણેશ બારૈયાએ અંગદાન જાગૃતિ અંગે અપીલ કરી હતી. કાર્યક્રમમાં સખી મંડળની બહેનો અને ડૉ. ગણેશ બારૈયાનું સન્માન કરાયું હતું. જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલે સ્વાગત પ્રવચન અને જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરીએ આભારવિધિ કરી હતી. આ મહોત્સવમાં સ્થાનિક ધારાસભ્યો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વલભીપુરના લોલીયાણા-નવાગામ વચ્ચે લીંડીયો નદીનો રસ્તો તૂટી જતા મુશ્કેલી

## ૧૦ દિવસથી ગ્રામજનો ગોઠણસમા પાણીમાંથી પસાર થવા મજબૂર : સ્ટેટ હાઈવે વિભાગના અધિકારીઓની નિષ્ક્રિયતા સામે ઉગ્ર રોષ

ભાવનગર,તા.૧

વલભીપુર તાલુકામાં ભારે વરસાદ બાદ નદી-નાળા અને ગ્રામીણ રસ્તાઓ ધોવાઈ જતાં અંતરિયાળ વિસ્તારોના ગ્રામજનોની પરિસ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. ખાસ કરીને તાલુકાના લોલીયાણાથી નવાગામને જોડતા માર્ગ વચ્ચે આવેલી લીડીયો નદી પરનો રસ્તો અને નાળા ભારે પાણીના વહેણમાં તૂટી ગયા છે. વરસાદ બંધ થયાને ૧૦ દિવસ જેટલો



સમય વીતી ગયો હોવા છતાં તંત્ર દ્વારા માર્ગ મરામતની કોઈ પણ પ્રકારની કામગીરી શરૂ કરવામાં આવી નથી. જેના પરિણામે છેવાડાના ગામોના લોકો દરરોજ જીવના જોખમે ગોઠણસમા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે.

આ રસ્તો તૂટી જવાથી વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે, જેના કારણે છેવાડાના ગામોના પશુપાલકો અને દૂધ ઉત્પાદકોને રોજના ધોરણે ડેરી સુધી દૂધ પહોંચાડવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ ઉપરાંત, ગામમાં કોઈ અચાનક બીમાર પડે કે ઈમરજન્સી ઊભી થાય તો ગામ સુધી એમ્બ્યુલન્સ પહોંચી શકે તેમ ન હોવાથી આરોગ્ય સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. આ રસ્તો સ્ટેટ હાઈવે હેઠળ આવતો હોવાથી નાયબ કાર્યપાલક ઈજનેરને અસંખ્ય રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. સ્થાનિક અધિકારીઓ ફોન પણ ઉપાડતા ન હોવાનો ગંભીર આક્ષેપ કરીને ગ્રામજનોએ ભારે રોષ સાથે તાત્કાલિક ધોરણે માર્ગનું સમારકામ શરૂ કરવા ઉગ્ર માગ કરી છે.

# નિર્મળનગરની સાઈટ પરથી ચાર વાર વાયર ચોરી કરનાર શખ્સ ઝડપાયો

## એલસીબી ટીમે રૂપિયા ૧.૧૩ લાખના મુદ્દામાલ સાથે વિઠ્ઠલવાડીના યશ આલાણીની અટકાયત કરી

ભાવનગર,તા.૧

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વણશોધાયેલા મિલકત સંબંધી ગુનાઓની તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે રસાલા કેમ્પ ગુરુદ્વારા પાસે દરોડો પાડીને ચોરાઉ તાંબાના વાયર સાથે એક શખ્સની અટકાયત કરી છે. પોલીસે વિઠ્ઠલવાડી વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષીય યશ ઉર્ફે યશુ ભાવેશ આલાણીને નંબર પ્લેટ વગરના બાઈક પર કંતાનની થેલીમાં તાંબાના વાયર સાથે ઝડપી લીધો હતો. તેની પાસેથી મળી આવેલા ૧૦ કિલો ૪૦૦ ગ્રામ તાંબાના વાયર અંગે કોઈ આધાર કે બિલ ન હોવાથી પોલીસે તાંબાના વાયર અને બાઈક મળી કુલ રૂ. ૧,૧૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



શખ્સની સઘન પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપીએ ગત સાતમ-આઠમ પહેલા અને પછી, ભાદરવી અમાસ આસપાસ તેમજ તાજેતરમાં એમ ચાર અલગ-અલગ વખતે નિર્મળનગર ફાયર બ્રિગેડ ઓફિસ સામે આવેલી બાંધકામ હેઠળની બિલ્ડિંગમાંથી ઈલેક્ટ્રિક ફિટિંગના વાયરની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા આરોપી વિરુદ્ધ અગાઉ ઘોઘારોડ અને નીલમબાગ પોલીસ મથકમાં પણ ગુના નોંધાયેલા છે. આમ, એલસીબી ટીમે સફળ કામગીરી કરીને નીલમબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાનો ભેદ ઉકેલી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# સુભાષનગરની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો ; રિક્ષા સાથે એક આરોપી ઝબ્બે

## રાજકોટ ગયેલા વૃદ્ધાના તાળાબંધ મકાનની ગ્રીલ વાળીને તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડની કરી હતી ચોરી

ભાવનગર,તા.૧

ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાં આવેલી લક્ષ્મી સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ આચરેલી રૂ. ૩.૨૫ લાખની મત્તાની ઘરફોડ ચોરીનો ભેદ ઘોઘારોડ પોલીસે ઉકેલી નાખ્યો છે. આ ગુનામાં સંડોવાયેલા ત્રણ શખસો પૈકીના એક આરોપીને પોલીસે ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી રિક્ષા સાથે ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત અનુસાર,





સુભાષનગરમાં રહેતા પ્રતિભાબેન ગીરીશભાઈ શાહ ગત ૨૧ સપ્ટેમ્બરે પોતાના મકાનને તાળું મારીને રાજકોટ ખાતે દીકરીના ઘરે ગયા હતા. આ સમય દરમિયાન ૨૫ સપ્ટેમ્બરની મોડી રાત્રે અજાણ્યા ત્રણ તસ્કરોએ મકાનની બારીના કાચ તોડી અને ગ્રીલ વાળીને ગેરકાયદેસર રીતે ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ કબાટમાંથી સોના-ચાંદીના દાગીના, હીરાની ચુન્ની, ચાંદીના વાસણો, ઈમિટેશન જ્વેલરી, મોંઘી ઘડિયાળો અને પરફ્યુમ મળી કુલ રૂ. ૩.૨૫ લાખની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

પરત ફરેલા મકાનમાલિકે તપાસ કરતા ચોરીનો ખ્યાલ આવ્યો હતો. સીસીટીવી કેમેરા ચકાસતા તેમાં ત્રણ શખસો શંકાસ્પદ રીતે કેદ થયેલા જોવા મળ્યા હતા, જેના આધારે તેમણે ૨૮ સપ્ટેમ્બરે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે BNS ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સઘન તપાસ આદરી હતી. તપાસ દરમિયાન પોલીસે ચોરી કરનાર ત્રિપૂટી પૈકીના એક આરોપી રાજુ સવજીભાઈ સોલંકી (રહે. જવાહર મેદાન, ગુરુદ્વારા પાસે, ભાવનગર)ને ઝડપી લીધો હતો. તેની પાસેથી ચોરીમાં વાપરેલી રિક્ષા કબજે કરવામાં આવી છે, જ્યારે ફરાર થઈ ગયેલા અન્ય આરોપીઓને પકડવા પોલીસે આગળની પૂછપરછ હાથ ધરી છે.

# મનપાની ડિજિટલ સેવાઓ બનશે વધુ સુગમ ઈન્ટરનેટની ક્ષમતા પાંચ ગણી વધારાશે

## ઓનલાઈન સેવાઓ વધુ ઝડપી અને અસરકારક બનાવવા નિર્ણય; BMC એન્ડ્રોઈડ એપ લેટેસ્ટ વર્ઝનમાં અપડેટ કરવા અપીલ

ભાવનગર,તા.૧

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પૂરી પાડવામાં આવતી વિવિધ ઓનલાઈન નાગરિકલક્ષી સેવાઓ વધુ ઝડપી, સુગમ અને કાર્યક્ષમ રીતે ઉપલબ્ધ થાય તે હેતુસર એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગ દ્વારા હાલની ઈન્ટરનેટ લીઝ લાઈનની ક્ષમતા ૧૧૦ Mbps થી વધારીને ૫૦૦ Mbps કરવાનો નિર્ણય કરાયો છે. આ ઈન્ટરનેટ અપગ્રેડેશનનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરીજનોને પાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ ડિજિટલ અને ઓનલાઈન સેવાઓ વધુ ઝડપી, વિશ્વસનીય અને અસરકારક રીતે પૂરી પાડવાનો છે.

આ સુવિધાનો મહત્તમ લાભ મેળવવા માટે મહાનગરપાલિકાના ઈ.ડી.પી. મેનેજર દ્વારા ભાવનગરના નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે તેઓ Google Play Stroe મારફતે ભાવનગર મહાનગરપાલિકાની 'BMC Android Application' ને તેના નવીનતમ (Latest) વર્ઝનમાં અપડેટ કરી લે. એપ્લિકેશન અપડેટ કરવાથી નાગરિકો પાલિકાની તમામ ઓનલાઈન સેવાઓનો કોઈ પણ વિલંબ કે અડચણ વગર સરળતાથી અને અવિરતપણે ઉપયોગ કરી શકશે.

# જૂની અદાવતમાં યુવક પર પાઈપ, છરી અને ધોકા વડે જાનલેવા હુમલો

**ઝઘડાની દાઝ રાખી ૩ શખ્સોએ માર માર્યો, ગંભીર ઈજા પામેલો યુવક ડરના માર્યા બે દિવસ ઘરે જ રહ્યો, બાદમાં સર.ટી. હોસ્પિટલમાં ખસેડાયો**

ભાવનગર,તા.૧

ભાવનગરના નાના કુંભારવાડા સ્થિત મફતનગરમાં રહેતા અને મજુરી કામ કરતા ૨૫ વર્ષીય યુવક જયદિપભાઈ મુકેશભાઈ રાઠોડ પર જૂની અદાવતનો ખાર રાખી ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ, છરી અને લાકડાના ધોકા વડે જાનલેવા હુમલો કર્યાની ઘટના સામે આવી છે.

ઘટનાની મળતી વિગત મુજબ, ગત તા. ૨૭/૦૯/૨૦૨૬ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યાના સુમારે જયદિપ પોતાના ઘરેથી કામ સબબ બહાર નીકળી સ્ટીલ કાસ્ટ કંપની પાસેના ઉલ્લાસવાળા ખાંચા પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાં અગાઉથી જ ઉભેલા ચેતનભાઈ રમેશભાઈ મકવાણા, અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ મકવાણા અને વિજય નામના શખ્સોએ તેને રોક્યો હતો. એક વર્ષ પહેલાં દિવાળી સમયે થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપીઓએ "કેમ કાતર મારે છો?" તેમ કહી ગાળો દેવાનું શરૂ કર્યું હતું. યુવકે ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા ચેતન મકવાણાએ લોખંડના પાઈપ વડે જમણા પગે ફટકો માર્યો હતો, જ્યારે અશ્વિન મકવાણાએ કમરમાંથી છરી કાઢી દાઢીના ભાગે મારી દીધી હતી અને વિજય નામના શખ્સે લાકડાના ધોકાથી આડેધડ માર માર્યો હતો. ત્રણેય શખ્સોએ "આજે તો આને મારી જ નાખવો છે" તેવી ધમકીઓ આપતા યુવક જેમ-તેમ કરીને ત્યાંથી પોતાનો જીવ બચાવીને ભાગી છૂટ્યો હતો.

હુમલા બાદ યુવક અત્યંત ડરી ગયો હોવાથી તેણે પરિવારમાં કોઈને જાણ કરી નહોતી અને ઘરે જઈને સૂઈ ગયો હતો. પરંતુ તા. ૨૯/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે અચાનક દાઢીમાંથી લોહી નીકળવા લાગતા અને પગમાં અસહ્ય દુખાવો ઉપડતાં તેણે પોતાની માતાને સમગ્ર આપવીતી જણાવી હતી. પરિવારજનો દ્વારા ૧૦૮ મારફતે તેને તત્કાલ ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબી તપાસમાં યુવકના જમણા પગમાં ફ્રેક્ચર જણાયું હતું અને દાઢી પર પાંચ ટાંકા લેવા પડ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવકે હિંમત દાખવીને ત્રણેય હુમલાખોરો વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ફોટોગ્રાફર પ્રિયાબા જાડેજાનું ફોટો પ્રદર્શન "કચ્છના રંગો "ખુલ્લુ મુકાયું




ભાવનગર,તા.૦૧

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સહયોગથી ભાવનગરના ફોટોગ્રાફર પ્રિયાબા જાડેજાનું ફોટો પ્રદર્શન બુધવાર તા૩૦ ના રોજ આગેવાનોના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેને મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યું હતું. આ પ્રદર્શનના મુખ્ય મહેમાનો મનીષ ઠાકર ( ડીવાયએસપી આઈબી ભાવનગર), તમન્ના જાલોડીયા ( નાયબ કલેકટર ભાવનગર ગ્રામ્ય), અમુલ પરમાર( ગૌરવ પુરસ્કાર એવોર્ડ વિજેતા) રાજેશ્વરીબા ગોહિલ (પ્રિન્સિપાલ નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે ચિત્રકાર અજય ચૌહાણ અને ફોટોગ્રાફર અજય જાડેજા પણ ઉપસ્થિત હતા આ પ્રદર્શનમાં કચ્છની મહિલાઓનો પહેરવેશ તેમના ઘરેણાઓ અને તેમનો રીતરિવાજ દર્શાવવામાં આવ્યો છે પ્રિયાબા જાડેજા દ્વારા આ પ્રદર્શન તારીખ ૩૦/ ૧/ ૨ ઓક્ટોબર સુધી સવારે ૧૦ થી રાતના ૮ સુધી ખુલ્લુ રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

# યુવાનો માટે રોજગારી: સમસ્યા નહીં, ઉકેલ

દેશ સમક્ષ અનેક પડકારો છે. તેમાં યુવા રોજગારી એક મહત્ત્વનો પડકાર છે. દર વર્ષે હજારો યુવાનો શિક્ષણ પૂરું કરીને બહાર આવે છે. તેમને યોગ્ય કામ મળતું નથી. આ સમસ્યા ગંભીર છે. પણ તેનો ઉકેલ પણ શક્ય છે. જરૂર છે સાચી દિશામાં પ્રયાસની. યુવાનો પાસે ડિગ્રી હોય છે. પણ કૌશલ્ય નથી. નોકરીની તકો ઓછી છે. સ્પર્ધા ખૂબ વધારે છે. ખાસ કરીને ગામડાના યુવાનો પીડાય છે. તેમને માહિતી મળતી નથી. માર્ગદર્શનનો અભાવ છે. શહેરોમાં સ્થળાંતર વધે છે. પરંતુ ત્યાં પણ સ્થિતિ સરળ નથી. આ સમસ્યાનો પહેલો ઉકેલ છે કૌશલ્ય વિકાસ. ફક્ત ડિગ્રી પૂરતી નથી. વ્યવહારુ જ્ઞાન જરૂરી છે. સરકારે ઘણી યોજનાઓ શરૂ કરી છે. તેનો લાભ વધુ યુવાનો સુધી પહોંચવો જોઈએ. ટેકનિકલ શિક્ષણને વેગ મળવો જોઈએ. વ્યવસાયિક તાલીમ કેન્દ્રો વધારવા જોઈએ. ગ્રામીણ વિસ્તારોમાં ખાસ ધ્યાન આપવું જોઈએ.યુવાનો નોકરી શોધે તે જરૂરી નથી. તેઓ પોતે રોજગાર સર્જક બની શકે છે. સ્ટાર્ટઅપ સંસ્કૃતિને પ્રોત્સાહન મળી રહ્યું છે. સરકાર લોન અને સબસિડી આપે છે. યુવાનોને જોખમ લેવાની હિંમત કેળવવી જોઈએ. નાના વ્યવસાયોમાંથી મોટા ઉદ્યોગો ઊભા થાય છે. આ દિશામાં જાગૃતિ વધારવી પડશે. શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે સંબંધ મજબૂત થવો જોઈએ. કોલેજોમાં ઉદ્યોગના નિષ્ણાતો આવે. વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ મળે. અભ્યાસક્રમ સમય સાથે બદલાય. જૂનું શિક્ષણ આજની જરૂરિયાત પૂરી કરી શકતું નથી. તેથી અભ્યાસક્રમમાં સુધારો જરૂરી છે. આનાથી યુવાનોને તૈયાર થવામાં મદદ મળશે. સરકારે અનેક યોજનાઓ શરૂ કરી છે. મેક ઇન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા. આ યોજનાઓ સારી છે. પરંતુ તેનો અમલ પ્રામાણિકતાથી થવો જોઈએ. લાભાર્થીઓ સુધી યોગ્ય માહિતી પહોંચે. વચલા માણસોનો ભ્રષ્ટાચાર અટકે. ત્યારે જ સાચું પરિણામ મળશે.

ગામડાના યુવાનો પાસે સાધનો ઓછા છે. માહિતીનો અભાવ છે. માર્ગદર્શન મળતું નથી. તેથી તેમને ખાસ ધ્યાન આપવું જોઈએ. ગ્રામીણ કૌશલ્ય કેન્દ્રો ખોલવા જોઈએ. ઇન્ટરનેટની સુવિધા પહોંચાડવી જોઈએ. સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ. યુવાનોએ પણ પહેલ કરવી જોઈએ. ફક્ત સરકાર પર આધાર રાખવો યોગ્ય નથી. જાતે શીખવું જોઈએ. નવા કૌશલ્યો કેળવવા જોઈએ. સ્પર્ધાને સ્વીકારવી જોઈએ. નિષ્ફળતાથી ડરવું ન જોઈએ. આત્મવિશ્વાસ જ સાચી તાકાત છે. યુવા રોજગારીની સમસ્યા જટિલ છે. પરંતુ તે અશક્ય નથી. સામૂહિક પ્રયાસ જરૂરી છે. સરકાર, ઉદ્યોગ અને યુવાનો – ત્રણેયે સાથે મળવું પડશે. કૌશલ્ય, શિક્ષણ અને તક – આ ત્રણનો સંગમ થાય. તો દેશ આગળ વધશે.યુવાનો દેશનું ભવિષ્ય છે. તેમને યોગ્ય તક મળે તો દેશ સશક્ત બનશે. આપણે સૌએ સ્વીકારવું પડશે કે યુવા શક્તિ એ દેશની સાચી સંપત્તિ છે. તેમને રોજગારી મળે તો અર્થવ્યવસ્થા મજબૂત બને. સામાજિક શાંતિ જળવાય. ગુનાખોરી ઘટે. દેશનો વિકાસ ઝડપી બને. તેથી યુવા રોજગારીને પ્રાથમિક્તા આપવી જોઈએ. આ જ સાચી દિશા છે. આ જ સાચો માર્ગ છે. યુવાનોને સશક્ત બનાવવા એ જ રાષ્ટ્રનિર્માણનો પાયો છે. સૌએ સાથે મળીને આ દિશામાં આગળ વધવું જોઈએ. ત્યારે જ સ્વપ્ન સાકાર થશે. સ્વપ્ન જોયા વગર સિદ્ધિ મળતી નથી. પરંતુ સ્વપ્ન સાથે પ્રયાસ પણ જરૂરી છે. યુવાનોમાં ઊર્જા છે. તેમનામાં ઉત્સાહ છે. તેમનામાં શક્તિ છે. ફક્ત યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. સાચું માર્ગદર્શન મળે તો તે અશક્યને પણ શક્ય બનાવી શકે છે. ઇતિહાસ સાક્ષી છે. યુવાનોએ જ અનેક ક્રાંતિ કરી છે.

# રાષ્ટ્ર અને ધર્મ માટે સમર્પિત એક તેજસ્વી યુગપુરુષ અશોક સિંઘલ

**જ્યારે ભારતની સાંસ્કૃતિક પુનરુત્થાનની ગાથા લખાય છે, ત્યારે અશોક સિંઘલનું નામ સુવર્ણક્ષરે અંકિત જોવા મળે છે. તેઓ એવા યશસ્વી નેતા હતા જેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર સેવા, હિન્દુ ધર્મની રક્ષા અને સામાજિક એકતા માટે હોમી દીધું હતું. તેમની દ્રઢ ઇચ્છાશક્તિ અને ઓજસ્વી વ્યક્તિત્વે ભારતના ઇતિહાસમાં એક નવો અધ્યાય જોડ્યો.**

પ્રાંસગિક — સુરેશ ભટ્ટ

પ્રારંભિક જીવન અને રાષ્ટ્રભાવનાના સંસ્કારો

અશોક સિંઘલનો જન્મ એક સંસ્કારી પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેમનામાં રાષ્ટ્રભાવના અને દેશપ્રેમના બીજ રોપાયેલા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વિચારોના સંપર્કમાં આવ્યા પછી, તેમણે પોતાના વ્યક્તિગત સુખોને તિલાંજલિ આપીને રાષ્ટ્ર નિર્માણના કાર્યને જ પોતાના જીવનનું એકમાત્ર લક્ષ્ય બનાવી લીધું.

ધર્મ પ્રત્યેનો ગાઢ પ્રેમ અને સાંસ્કૃતિક ચેતના

અશોક સિંઘલ માટે ધર્મ એટલે માત્ર પૂજા-પાઠ નહીં, પરંતુ રાષ્ટ્રની ઓળખ, સંસ્કૃતિ અને પ્રાણ હતો. તેઓ દ્રઢપણે માનતા હતા કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મ સુરક્ષિત રહેશે તો જ રાષ્ટ્ર અખંડ અને સબળ રહેશે. હિન્દુ સમાજને સંગઠિત કરવા અને સનાતન સંસ્કૃતિના ગૌરવને પુનઃસ્થાપિત કરવા તેમણે અતૂટ પરિશ્રમ કર્યો.

અશોકજીનું સમગ્ર જીવન રાષ્ટ્ર, સંસ્કૃતિ અને સનાતન પરંપરાના જતન માટે સમર્પિત રહ્યું

અશોકજી સિંઘલ એક તપસ્વી રાષ્ટ્રસાધક અને સાંસ્કૃતિક ચેતનાના સંવાહક હતા. તેમનું સમગ્ર જીવન દેશ, આધ્યાત્મિક પરંપરા અને સનાતન સંસ્કૃતિના સંરક્ષણ તથા રાષ્ટ્રજીવનમાં જાગૃતિ માટે સમર્પિત રહ્યું હતુંકે કરોડો હિંદુઓની આસ્થાના કેન્દ્ર એવા

અયોધ્યામાં ભવ્ય-દિવ્ય રામમંદિરના નિર્માણ માટે અશોકજી સિંઘલે કરેલો સંઘર્ષ અને સંકલ્પ આજે સાકાર થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ અને પ્રાણપ્રતિષ્ઠાનો ઐતિહાસિક પ્રસંગ અશોકજી સિંઘલ સહિત અનેક રાષ્ટ્રસાધકોના સંકલ્પને સિદ્ધિ સુધી પહોંચાડનાર બની રહ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની સાંસ્કૃતિક વિરાસતના પુનર્જાગરણ સાથે વિકાસને પણ નવી ગતિ મળી છે. સોમનાથ સ્વાભિમાન પર્વ,

કાશી વિશ્વનાથ ધામ, કેદારનાથ ધામ, અંબાજી કોરિડોર સહિતના વિવિધ પ્રકલ્પો દ્વારા 'વિરાસત ભી, વિકાસ ભી'નો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનું કાર્ય થઈ રહ્યું છે.

અશોકજી સિંઘલે હિંદુ સમાજની એકતા માટે વિશાળ હિંદુ સંમેલનોનું આયોજન કરી, વેદ, સંસ્કૃત, ગૌ, ગંગા, તીર્થ, તીર્થપુરોહિત, ધર્માચાર્યો અને મઠ-મંદિરોની પ્રાચીન પરંપરાના પુનઃસ્થાપન માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમના વિચારો અને કાર્યએ અનેક યુવાનોના અંતરમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાની જ્યોત પ્રજવલિત કરી હતી

''સેવા સંકલ્પ અભિયાન' દ્વારા સેવા, સુશાસન અને રાષ્ટ્રપ્રથમની ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અશોકજી સિંઘલના જીવનમાંથી આગામી પેઢીએ રાષ્ટ્રપ્રથમ, સંકલ્પનિષ્ઠા, સાધના અને સમર્પણનો સંદેશ ગ્રહણ કરવો ક જોઈએ.

દેશની સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિરાસતનું જતન કરવાની સાથે આધુનિક અને વિકસિત ભારતના નિર્માણમાં પણ સૌએ પોતાની ભૂમિકા નિભાવવી જો ઈએ. અશોકજી સિંઘલના વિચારો અને જીવનકાર્યને નવી પેઢી સુધી પહોંચાડવું એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.અશોકજી યાત્રાને સિંઘલની રાષ્ટ્રસેવા અને સાંસ્કૃતિક પુનર્જાગરણની નમન કરતાં 'ભારત માતાની જય' અને 'વંદે માતરમ''ના જયઘોષ સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી કરવી જોઈએ

વિશ્વ હિન્દુ પરિષદ અને સંગઠન શક્તિ.

વિશ્વ હિન્દુ પરિષદના માધ્યમથી અશોક સિંઘલે સમગ્ર દેશમાં એક અદભુત હિન્દુ જાગૃતિ લાવવાનું મહાન કાર્ય કર્યું. તેમના નેતૃત્વમાં સંગઠને અસ્પૃશ્યતા નિવારણ, સામાજિક સમરસતા અને સંતોને એક મંચ પર લાવવાના અભિયાનને વેગ આપ્યો. તેમણે સમાજના વંચિત અને પછાત વર્ગોને પણ સનાતન ધર્મના કેન્દ્રમાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું.

૫. રાષ્ટ્ર લેવલના કાર્યોઃ રામ જન્મભૂમિ આંદોલનનું શિખર નેતૃત્વ

અશોક સિંઘલના જીવનનું સૌથી મોટું અને ઈતિહાસ સર્જક કાર્ય અયોધ્યાનું રામ જન્મભૂમિ આંદોલન હતું. આ રાષ્ટ્રવ્યાપી અભિયાનનું મોરચો સંભાળીને તેમણે કરોડો દેશવાસીઓમાં રાષ્ટ્ર અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને જગાડી. તેમની દીર્ઘદ્રષ્ટિ અને અડગ મનોબળના કારણે જ આ આંદોલન એક સાંસ્કૃતિક લોકઆંદોલન બની ગયું.

૬. સંત શક્તિનો સમન્વય અને રાષ્ટ્ર નિર્માણ

અશોક સિંઘલની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે ભારતના અખાડાઓ, સાધુ-સંતો અને ધર્મગુરુઓને એક મંચ પર લાવીને રાષ્ટ્ર હિતના કાર્યોમાં જોડ્યા. 'એકીકૃત હિન્દુ સમાજ' ની કલ્પનાને સાકાર કરવામાં સંતોના આશીર્વાદ અને માર્ગદર્શન મેળવવામાં તેમની ભૂમિકા અદભુત રહી હતી.

યુવા પેઢી માટે પ્રેરણા અને સ્વાભિમાનનો સંદેશ

તેઓ હંમેશાં યુવાનોને પોતાની સંસ્કૃતિ અને ઈતિહાસ પર ગર્વ લેવા પ્રેરિત કરતા હતા. અશોક સિંઘલજીનું માનવું હતું કે કોઈ પણ રાષ્ટ્ર ત્યારે જ મહાન બની શકે જ્યારે તેની યુવા પેઢી પોતાના મૂળ અને આધ્યાત્મિક વારસા સાથે જોડાયેલી રહે.

તેઓ સંઘર્ષ અને સમર્પણની અજોડ મૂર્તિ હતા.

તેમના જીવનનો રસ્તો ફૂલોથી નહીં, પરંતુ કાંટાથી ભરેલો હતો. અનેક રાજકીય અને સામાજિક વિરોધો વચ્ચે પણ તેઓ ક્યારેય ડગ્યા નહીં. પોતાના સિદ્ધાંતો સાથે ક્યારેય સમાધાન ન કરતા અશોક સિંઘલજીએ જીવનભર અડગ રહીને રાષ્ટ્ર સેવા કરી.

૯. આજીવન પ્રવાસી અને સાચા લોકસેવક

કોઈપણ પદ કે ભૌતિક સુખની લાલસા વગર, અશોક સિંઘલજીએ આખી જિંદગી દેશના ખૂણે-ખૂણે પ્રવાસ કર્યો અને લોકો સાથે સીધો સંવાદ સાધ્યો. તેઓ સાચા અર્થમાં જનતાના નેતા અને રાષ્ટ્રના પ્રહરી હતા.અમર પ્રેરણા અને આપણી શ્રદ્ધાંજલિ

અશોક સિંઘલજી આજે ભૌતિક રીતે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના વિચારો, કાર્યો અને રાષ્ટ્રપ્રત્યેનું સમર્પણ હંમેશાં આપણને પ્રેરણા આપતા રહેશે. તેમનું જીવન આપણને શીખવે છે કે રાષ્ટ્ર અને ધર્મ માટે નિઃસ્વાર્થભાવે કરેલું કામ ક્યારેય એળે નથી જતું. તેમનું નામ ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં હંમેશાં અમર રહેશે.



અશોક સિંઘલજીનું જીવન દર્શન દર્શાવતા ૧૦ પ્રેરણાદાયક વાક્યો:

★ અશોક સિંઘલજીનું સમગ્ર જીવન રાષ્ટ્ર સેવા, હિન્દુત્વ અને સામાજિક સમરસતા માટે સમર્પિત હતું.

★ તેમના માટે રાષ્ટ્ર અને ધર્મ એ બે અલગ વિષયો નહીં, પરંતુ એક જ સિક્કાની બે બાજુ સમાન હતા.

★ તેઓ ભારતને માત્ર એક ભૌગોલિક ટુકડો નહીં, પરંતુ એક પવિત્ર અને સનાતન સાંસ્કૃતિક રાષ્ટ્ર માનતા હતા.

★ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના સંસ્કારોથી પ્રેરિત થઈને તેમણે પોતાના અંગત સુખોનો ત્યાગ કરી આજીવન લોકસેવા કરી.

★ વિશ્વ હિન્દુ પરિષદના માધ્યમથી તેમણે હિન્દુ સમાજને સંગઠિત કરવા અને જાગૃત કરવાનું ઐતિહાસિક કાર્ય કર્યું.

★ અયોધ્યાનું રામ જન્મભૂમિ આંદોલન તેમના અડગ મનોબળ અને દીર્ઘદ્રષ્ટિનું સૌથી મોટું પ્રતીક છે.

★ તેઓ હંમેશાં માનતા કે સાચો ધર્મ એટલે નૈતિકતા, સદાચાર અને સમગ્ર સમાજને એક તાંતણે બાંધવાની શક્તિ.

★ સંતો અને અખાડાના સાધુઓને એક મંચ પર લાવીને તેમણે રાષ્ટ્ર નિર્માણમાં આધ્યાત્મિક શક્તિનો અદભુત સમન્વય સાધ્યો.

★ કોઈપણ પદ કે ભૌતિક સત્તાની લાલસા વગર તેઓ આજીવન અથાક પ્રવાસી બનીને જન-જન સુધી રાષ્ટ્રભાવના પહોંચાડતા રહ્યા.

★ તેમનું જીવન આપણને શીખવે છે કે રાષ્ટ્રનું સાંસ્કૃતિક સ્વાભિમાન અને અખંડિતતા જ સર્વોપરી છે.

# અભયનું બળ પૂરું પાડવું એ સફળ બનાવનારું સાધન છે

વિશેષ

મનોબળ એટલે ઈચ્છાશક્તિ મજબૂત બનાવી પોતાના મનોવાંછિત કાર્યને પાર પાડવા ભ્રમ અને ભયથી મુક્ત બની મચી પડવું મનોબળ, અને અભયનું મહત્વ દર્શાવતાં કહેવામાં આવ્યું છે કે પોતાના મનોબળથી અભયથી ઘાંસ ખાનાર હરણ પોતાની સામે સિંહને આવતો જોઈને પડકારી શકે છે. જ્યારે માસ ખાનાર શિયાળ ભૂંડને આવતું જોઇને ભાગી જવાની કોશિશ કરતું હોય છે, એટલે વિપરીત સ્થિતિમાં ડગમગતા મનને આત્મશ્રદ્ધાનું અભયનું બળ પૂરું પાડવું એજ તાક્યું તીર સફળ બનાવનારું સાધન છે. અને જીવનમાં ભય અને ભ્રમથી મુક્ત થવું અને સત્ય અને પ્રેમમાં સ્થિર થઈને અભય બની જીવન જીવવું એજ જીવન છે અને મોહ અને લોભથી મુક્ત થવું જરૂરી છે.માનવ જીવનમાં મનોબળનું અને અભયનું મહત્વ સમજાવતાં કહેવાયું છે કે મનનો ઉત્સાહ એ જ સત્ય સ્વરૂપ પુરુષાર્થ છે, અને મનનો ઉત્સાહ એ જ સત્ય છે માણસ કર્મનો આરંભ કરતાં પહેલાં જાત જાતના તર્ક-વિતર્ક અને શંકાઓમાં અટવાય છે, ભયગ્રસ્ત શકાગ્રસ્ત સંશય ગ્રસ્ત બનવું એટલે ગભરાયેલા મનથી ભય ગ્રસ્ત થઈને કરેલું કામ સફળ થતું નથી, આત્મિક. સત્ય આધારે કરેલો અભય બની પુરુષાર્થ કદી એળે જતો જ નથી, તેવા આત્મ વિશ્વાસમાં સ્થિર થાવ, ને સત્યના આધારે પુરુષાર્થ કરો, એ જ સફળતાની સીડી બને છે, માનવ જીવનમાં સારાં કામ કરવામાં ધનની અછત નડતી નથી. પણ સત્ય સ્વરૂપ સંકલ્પની અછત હાનિકારક નીવડે છે, મને રસ્તો મળશે નહી તો હું જાતે બનાવી લઈશ એવા ભાવમાં, અભયમાં સ્થિર થાવ ને પુરુષાર્થ કરો. અર્જુનનો સંકલ્પ દ્વિધામાં પડયો ત્યારે કૃષ્ણ ભગવાને જ તેને સંકલ્પબદ્ધ બનાવી યુદ્ધ માટે તૈયાર કર્યો હતો અને લડયો અને અભય થઈ ને જીત્યો,

આજનો માણસ ભયગ્રસ્ત , ભ્રમયુક્ત , ભ્રમજાળયુક્ત સંશયયુક્ત શંકાગ્રસ્ત બની બીજાના કહેવાથી જાત જાતની બાધાઓ માન્યતાઓ રાખે છે, તે તેઓ ભય ગ્રસ્ત છે, ભ્રમ ગ્રસ્ત છે શંકા ગ્રસ્ત છે સંશય ગ્રસ્ત છે અને અસત્ય ગ્રસ્ત છે, તેઓ કદી પણ સાત જન્મારે પણ જીવનમાં સફળ થાય જ નહિ તેના ભાગ્યમાં હમેશા નિરાશા અને અસફ્ળતા જ હાથમાં દુખ ચિતના તનાવ આવે છે, માનવ જીવનની સફળતામાં માત્રને માત્ર અભય બની આત્મિક સત્ય સ્વરૂપ પુરુષાર્થ જ સફળતામાં મહત્વનો ભાગ ભજવે છે, અને શકા સંશય અને ભય એજ મૃત્યુને દોરી લાવે છે, માણસે જીવનમાં એવી અભય બની હું જીવનની તમામ અડચણોથી હું ડરીશ નહી. કારણ કે, હું પરમાત્માનો પૂત્ર પુત્રી છું, મારે જીવનમાં ડરવાનું હોય શકે જ નહી એટલે, અભયમાં સ્થિર થઇ આત્મવિશ્વાસ, આત્મ મનોબળ અને આત્મ સંકલ્પનાં આધારે જ અધરું કાર્ય અવશ્ય પૂર્ણ થાય છે, અને જેની પાસે આત્મિક સત્ય અને અભય હોય તે જીવનમાં સફળતાને વરે છે, તેવી પાકી સત્ય સ્વરૂપ અભય યુક્ત બની પુરુષાર્થ કરવા લાગી જાવ બસ સફ્ળતા,જ હાથમાં આવશે, આજ સત્ય છે, અને સત્ય ધર્મ છે.

# સોનાની સાંકડી ગલીમાં સાચો પ્રેમ નથી સમાતો

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

**માનવ જીવન અણમોલ છે સોના ચાંદીના ચંદ સિક્કાઓ માટે તે વેડફી દેવું યોગ્ય નથી. દુનિયામાં સન્માનપૂર્વક જીવવા માટે પૈસા અતિ જરૂરી છે. આધુનિક સમયનો માનવી કહે છે કે પૈસો મારો પરમેશ્વર,પૈસાથી ઉપર કંઈ જ નથી. પરંતુ પૈસાથી ઉપર પ્રકૃતિ છે, પ્રેમ છે, લાગણી છે અને પરિવાર છે. જીવનભર પૈસા પાછળ દોડનાર ધનના ઢગલા પર બેસી શકે છે, એમ્પાયર ખડું કરી શકે છે, પરંતુ જીવનનો સાચો આનંદ મોટાભાગે તે ગુમાવે છે**

માણસને જીવવા માટે ધન જોઈએ, એમાં કોઈને શંકા નથી. રોટી, કપડાં, ઘર, બાળકોનું ભણતર, માંદગીમાં દવા, આ બધા માટે પૈસો જોઈએ જ. પણ જ્યારે પૈસો જરૂરિયાતમાંથી નીકળીને જીવનનો એકમાત્ર હેતુ બની જાય, ત્યારે માણસ માણસ મટીને બજારની એક ચીજ બની જાય છે. તેની હસવાની, રડવાની, પ્રેમ કરવાની બધી ક્રિયાઓ પાછળ એક જ હિસાબ ચાલતો હોય છે : આમાંથી મને શું મળશે ?

કૃષ્ણ દવે કહે છે કે

"પતંગિયા ની પાંખો કાપી ફુલ બનાવીને વેચે માણસ છે, ભાઈ બિઝનેસ કરે!!!"

આપણા એક જાણીતા કવિએ બહુ માર્મિક વાત કહી છે. સોનાની ગલી ભલે ચમકતી હોય, પણ એ સાંકડી છે. એમાં બે માણસ પ્રેમથી સાથે ચાલી શકતા નથી. જે જીવ પૈસા પાછળ આખો દિવસ દોડ્યા કરે છે, એ ખરેખર જીવતો નથી, એ તો ચાલતું-ફરતું પ્રેત છે. શ્વાસ ચાલે છે એટલે જીવતો ગણાય, બાકી અંદરથી તો બધી લાગણી મરી પરવારી છે.

આજે ચારે બાજુ એક જ ઘેલછા દેખાય છે : રાતોરાત પૈસાદાર થઈ જવું. મહેનત ઓછી અને ફળ મોટું, એવી અપેક્ષા ઘર ઘરમાં ઘૂસી ગઈ છે. જેની પાસે સાયકલ છે તેને સ્કૂટર જોઈએ છે, સ્કૂટરવાળાને કાર, કારવાળાને મોટો બંગલો. આ દોડનો કોઈ છેડો નથી. માણસને એમ થાય છે કે થોડું વધારે મળશે એટલે સુખ મળશે, પણ થોડું વધારે મળ્યા પછી થોડુંક બીજું વધારે જોઈએ છે. આમ ને આમ જિંદગી પૂરી થઈ જાય છે.

એક અંગ્રેજી ચિત્રની વાત યાદ આવે છે. શરૂઆતમાં માત્ર એક જોડ બૂટ દેખાય છે. ચાલમાં વિશ્વાસ છે, પગલામાં ધમક છે. કેમેરા ઊંચો જાય છે ત્યારે ખબર પડે છે કે એ માણસ એક ઊંચી ઈમારતની ટોચ સામે જોઈ રહ્યો છે. એની આંખોમાં સપનું છે કે આ શહેરને હું જીતી લઈશ, સૌથી ઉપરના માળે હું પહોંચીશ. પછી આખી ફિલ્મમાં એ માણસ રાત-દિવસ એક કરી નાખે છે. કામ, કામ અને કામ. પણ અંત બહુ વસમો છે. જે માણસ મોટા સપનાં લઈને શહેરમાં આવ્યો હતો, એ જ માણસ છેવટે ગરીબ વસાહતની ગલીમાં છેલ્લા શ્વાસ લે છે. પાસે એક નાનું બાળક રમકડાની ગાડીથી રમે છે. રમતમાં એ ગાડી પેલા માણસ તરફ ધકેલાઈ જાય છે. મરતો માણસ હાથ લંબાવે છે, પણ એના હાથ અને રમકડાની ગાડી વચ્ચે થોડું અંતર રહી જાય છે. આખી જિંદગી જે મોટી ગાડીઓ પાછળ દોડ્યો, એ છેલ્લી ઘડીએ એક રમકડાની ગાડીને પણ અડી શકતો નથી. બધાં સપનાં ધૂળમાં મળી જાય છે.

કમાવું અને આડેધડ કમાવું, એ બેમાં ફેર છે. ધન એ સાધન છે, સાધ્ય નથી. તેનાથી સગવડ મળે, સુખ ન મળે. પૈસાનું મહત્ત્વ નકારી શકાય એમ નથી, પણ પૈસાનો રોગ લાગે એ જીવલેણ છે. આજે રૂપિયો પણ સંકોચાઈ ગયો છે. પહેલાં જેને પૈસાદાર કહેતા, આજે તેને મધ્યમવર્ગી ગણીએ છીએ. આપણા માપદંડ બદલાઈ ગયા છે. જેની પાસે પૈસો છે એ જ સફળ, એવી વ્યાખ્યા બંધાઈ ગઈ છે. પૈસાથી માણસ કિંમતી લાગે છે, પણ મૂલ્યવાન બનતો નથી. કિંમત બજારમાં નક્કી થાય છે, મૂલ્ય ચારિત્ર્યમાંથી આવે છે.

એક જૂની વાત છે. એક પંચાવન વર્ષનો આધેડ અને એક પાંત્રીસ વર્ષનો જુવાન, બંને પાકા મિત્રો. ચોમાસામાં નાળું છલકાતું હતું. આધેડ એક છલાંગે સામે કૂદી ગયો, જુવાન કૂદવા ગયો ને પાણીમાં પડ્યો. લોકોને નવાઈ લાગી. આધેડે હસીને કહ્યું, મારું ખિસ્સું ભરેલું છે, એટલે શરીરમાં ગરમી છે. એનું ખિસ્સું ખાલી છે. વાત મજાકમાં કહેવાઈ, પણ એમાં કડવું સત્ય છે. ખિસ્સાની ગરમી માણસની ચાલ બદલી નાખે છે.

ખરેખર, માણસની ચાલ પરથી કળી શકાય છે કે એના પગમાં કેટલો આત્મવિશ્વાસ છે. પોતાની ગાડીમાંથી ઊતરતો માણસ જુદો લાગે, બીજાની ગાડીમાં બેઠેલો માણસ સંકોચાયેલો લાગે. ગાડીનું બારણું કોણ કેવી રીતે ખોલે-બંધ કરે, એમાં પણ પૈસાનો રણકાર સંભળાય છે. પૈસો જ્યારે બોલે છે ત્યારે બધા ચૂપ થઈ જાય છે. આ ચૂપકીદી જ સમાજનો સૌથી મોટો ભય છે.

એક વિદેશી નવલકથાકારે આવી જ લોભવૃત્તિ પર એક કથા લખી છે. એનો નાયક અતિ ધનવાન છે. એને પાર્ટીઓ આપવાનો શોખ. મોટા ધનિકોને બોલાવે, જમાડે, અને અંતે કિંમતી ભેટો આપે. પણ વચ્ચે વચ્ચે એ મહેમાનોનું અપમાન પણ કરે. મહેમાનો ભેટની લાલચમાં અપમાન ગળી જાય. એક દિવસ એણે જાહેર કર્યું કે આ છેલ્લી પાર્ટી છે, અને ભેટ સાથે આ વખતે એક બોમ્બ પણ હશે. લોભી લોકો તો પણ આવ્યા. ખરી વાત એ હતી કે ભેટ હતી, બોમ્બ નહોતો. નાયકને માત્ર એટલું જ બતાવવું હતું કે ધનવાનો જેવા મોટા ભિખારી બીજા કોઈ નથી. અંતે એ નાયક પોતાના જ બગીચામાં જીવન ટૂંકાવી લે છે. જાણે એ કહેવા માગતો હોય કે માણસની સૌથી મોટી ભૂખ એ પેટની નહીં, ભીખની છે. લોભને કોઈ તળિયું નથી.



આ કથા કાલ્પનિક છે, પણ આપણી આસપાસ રોજ ભજવાય છે. ભેટ, લાભ, કમિશન, ભલામણની લાલચમાં માણસ સ્વમાન વેચી દે છે. પૈસા આગળ માન-અપમાનનો હિસાબ રહેતો નથી. ગમે તેટલો મોટો માણસ હોય, પૈસા માટે ગમે તેવું અપમાન સહન કરી લે છે. આ જ આપણા સમયની કરુણતા છે.

સોશિયલ નેટવર્કના જમાનામાં આ દોડ વધુ વકરી છે. બીજાના ફોટા જોઈને આપણને આપણું જીવન વામણું લાગે છે. કોઈ ફરવા ગયું, કોઈએ નવી ગાડી લીધી, કોઈએ મોટું ઘર બાંધ્યું. આપણે પણ એવું કરવું છે, એવી ઘેલછામાં માણસ દેવું કરીને પણ દેખાડો કરે છે. અંદરથી ખાલી, બહારથી ચમકતું જીવન, એ આજની ફેશન થઈ ગઈ છે.

તો શું ધન ખરાબ છે ? ના. ધન તો લક્ષ્મી છે, પણ એ ક્યારે ? જ્યારે એ માત્ર પોતાના માટે નહીં, બીજા માટે પણ વપરાય. ગરીબ અને તવંગર વચ્ચે, અછત અને પુષ્કળતા વચ્ચે જે માણસ સમતોલન રાખી શકે, એ જ સાચો ધનવાન. જેના હાથે બીજાનાં આંસુ લુછાય, જેના ધનથી કોઈનું ભણતર, કોઈની દવા, કોઈનું ઘર બને, એ ધન પવિત્ર કહેવાય.

માણસે પૂછવું જોઈએ : હું કમાઉં છું શા માટે ? જો જવાબ માત્ર 'વધારે ને વધારે' હોય, તો સમજવું કે દિશા ચૂકી છે. ધનથી સગવડ ખરીદી શકાય, સમય નહીં. ધનથી પથારી ખરીદી શકાય, ઊંઘ નહીં. ધનથી દવા ખરીદી શકાય, તંદુરસ્તી નહીં. ધનથી માણસો ભેગા કરી શકાય, મિત્રો નહીં.

સુનિલ દત્તની એક ફિલ્મ આવેલી ફિલ્મનું નામ હતું ફૂટપાથ

આ ફિલ્મમાં સરસ મજાનું ગીત હતું ગીતના શબ્દો છે

"ધન દોલત કે પીછે દુનિયા ક્યુ દીવાની યહા કી દોલત યહાં રહેગી સાથ નહીં એ જાયેગી "

# ૨૦૨૭ વર્લ્ડ કપ પહેલા ભારત પાસે ૧૩ દ્વિપક્ષીય વનડે મેચનું આયોજન

મુંબઈ,

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ટુર્નામેન્ટનું સમયપત્રક ૧ ઓક્ટોબરે જાહેર થવાની ધારણા છે. પરિણામે, બધી ટીમો વર્લ્ડ કપ માટે તૈયારીઓ કરી રહી છે. ટીમ ઈન્ડિયા પોતાની જાતને ચકાસવા અને પોતાની તૈયારીઓને મજબૂત કરવા માટે વેસ્ટ ઈન્ડિઝ સામે ઘરઆંગણે વનડે શ્રેણી પણ રમી રહી છે.

હાલની વેસ્ટ ઈન્ડિઝ શ્રેણી બાદ, ભારત ન્યુઝીલેન્ડ, શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામે વનડે શ્રેણી રમશે. વર્તમાન સમયપત્રક મુજબ, ૨૦૨૭ વર્લ્ડ કપ પહેલા ભારત પાસે ૧૩ દ્વિપક્ષીય વનડે મેચનું આયોજન છે. જો કે, ભવિષ્યમાં શેડ્યૂલ બદલાઈ શકે છે, અને વધારાની મેચો ઉમેરવામાં આવી શકે છે. વધુમાં, ૨૦૨૭ એશિયા કપ ૫૦-ઓવરના ફોર્મેટમાં યોજાવાની શક્યતા છે. આનાથી ભારતને વર્લ્ડ કપ પહેલા તેની વનડે તૈયારીઓનું પરીક્ષણ કરવા માટે વધુ મેચ મળી શકે છે.

ભારત વર્તમાન વેસ્ટ ઈન્ડિઝ શ્રેણીની બાકીની બે વનડે મેચ રમશે. આ પછી, ટીમ ઈન્ડિયા નવેમ્બર ૨૦૨૬ માં ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરશે, જ્યાં પાંચ મેચની વનડે શ્રેણી રમાશે. ડિસેમ્બરમાં, ભારત શ્રીલંકા સામે ત્રણ વનડે મેચનું આયોજન કરશે. આ પછી, ભારતીય ટીમ જાન્યુઆરી ૨૦૨૭ માં ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની ઘરઆંગણે વનડે શ્રેણી રમશે.

હાલના સમયપત્રક મુજબ,



ભારત પાસે વર્લ્ડ કપ પહેલા ૧૩ દ્વિપક્ષીય વનડે મેચો છે. આ મેચો ટીમને ખેલાડીઓના પ્રદર્શનનું પરીક્ષણ કરવાની અને વિવિધ પરિસ્થિતિઓમાં ટીમ સંયોજન વિકસાવવાની તક પૂરી પાડશે. ભારતે ૨૦૨૩ વનડે વર્લ્ડ કપ ફાઈનલ પછી ૩૦ વનડે રમી છે. આમાંથી, ટીમે ૧૯ મેચ જીતી છે અને ૧૦ હારી છે, જેમાં એક મેચ ડ્રો રહી છે. આ સમયગાળા દરમિયાન, ભારતે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાન સામે વનડે શ્રેણી જીતી છે. વધુમાં, ટીમ ઈન્ડિયાએ ૨૦૨૫ માં ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી હતી.

ભારતે વેસ્ટ ઈન્ડીઝ સામેની વર્તમાન શ્રેણીની શરૂઆત પણ પ્રભાવશાળી રીતે કરી હતી. ટીમ ઈન્ડિયાએ પ્રથમ વનડે ૮ વિકેટથી જીતી હતી. હવે, શ્રેણીમાં બે મેચ બાકી છે, જે વર્લ્ડ કપની તૈયારીઓ માટે મહત્વપૂર્ણ રહેશે. નવેમ્બરમાં ન્યુઝીલેન્ડ સામેની પાંચ વનડે ભારતીય ટીમ માટે એક ખાસ પડકાર હશે, કારણ કે આ મેચો વિદેશી પરિસ્થિતિઓમાં રમાશે. આ પછી, ટીમને શ્રીલંકા સામેની ઘરઆંગણેની શ્રેણી અને જાન્યુઆરી ૨૦૨૭માં ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં પોતાનું સંયોજન અંતિમ સ્વરૂપ આપવાની તક મળશે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની વનડે શ્રેણી પણ મૂળ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫ માં યોજાવાની હતી, પરંતુ તે મુલતવી રાખવામાં આવી હતી.

# નેટફ્લિક્સે લોક અપ સીઝન -૨ ની જાહેરાત કરી, ફરાહ ખાન અને રિતેશ દેશમુખ જેલર તરીકે પાછા ફરશે

મુંબઈ,

એફઆઈસીસીઆઈ ફ્રેમ્સ ૨૦૨૬ માં, નેટફ્લિક્સ પર "લોક અપઃ ટ્રૂથ ઓર સાઝા" ની બીજી સીઝનની જાહેરાત કરવામાં આવી હતી. શોના હોસ્ટ ફરાહ ખાન અને રિતેશ દેશમુખ પણ આ કાર્યક્રમમાં હાજર હતા. ફરાહે રિયાલિટી શો હોસ્ટ કરવાના તેના અનુભવ વિશે વાત કરી અને તેના મનોરંજક ફોર્મેટથી સ્પર્ધકોને તેમના અંગત જીવન વિશે ખુલીને વાત કરવાની મંજૂરી મળી. દરમિયાન, "લોક અપ" ના નિર્માતા એકતા કપૂરે ખુલાસો કર્યો કે નેટફ્લિક્સ પર શોની પહેલી સીઝન ખૂબ જ સફળ રહી, જે નિર્માતાઓની અપેક્ષાઓ કરતાં વધુ હતી, અને તેમણે આગામી લોક અપ સીઝન ૨ માં સંપૂર્ણપણે નવી વાર્તાઓ, નવા લોકો અને આશ્ચર્યનું વચન આપ્યું હતું.

"લોક અપઃ ટ્રૂથ ઓર સાઝા" ની બીજી સીઝન નેટફ્લિક્સ પર આવી રહી છે. બાલાજી ટેલિફિલ્મ્સના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર અને "લોક અપ" ના નિર્માતા એકતા કપૂરે જણાવ્યું હતું કે પહેલી સીઝનનો પ્રતિસાદ અપેક્ષાઓ કરતાં વધુ હતો અને દર્શકો આગામી



સીઝનમાંથી શું અપેક્ષા રાખી શકે છે તે શેર કર્યું. નેટફ્લિક્સ પર "લોક અપઃ ટ્રૂથ ઓર સાઝા" એક મોટી સફળતા હતી, જે અમારી અપેક્ષાઓ કરતાં વધુ હતી. શોની વાતચીત, સ્પર્ધકો અને યાદગાર ક્ષણો ફિનાલે પછી પણ દર્શકો સાથે રહી," તેણીએ કહ્યું. હોસ્ટ રિતેશ દેશમુખે તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી, જેમાં જાહેરાત કરી કે 'લોક અપઃ ટ્રૂથ ઓર સાઝા ૨' ટૂંક સમયમાં આવી રહી છે.એકતા કપૂરે એ પણ ખુલાસો કર્યો કે ફરાહ ખાન અને રિતેશ દેશમુખ 'લોક અપઃ ટ્રૂથ ઓર સાઝા' સીઝન ૨ માટે હોસ્ટ તરીકે પાછા ફરશે અને શોની શક્તિશાળી જેલર જોડી બની રહેશે.

# સીએસકેમાં બોલિંગ ઝહીર ખાન સાથે મોહિત શર્મા કોચની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે

ચેન્નાઇ,

ચેન્નાઈ સુપર કિંગ્સે આગામી આઈપીએલ સીઝન માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે, અને ટીમના સપોર્ટ સ્ટાફમાં પહેલો મોટો ફેરફાર લગભગ નિશ્ચિત છે. ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર મોહિત શર્માને સીએસકેના નવા બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવશે. ૩૮ વર્ષીય ખેલાડી અગાઉ સીએસકે માટે ચાર સીઝન રમી ચૂક્યો છે અને હવે તે ખેલાડી તરીકે નહીં પરંતુ કોચ તરીકે ટીમમાં જોડાશે.

મોહિત શર્મા આ ભૂમિકામાં એરિક સિમોન્સનું સ્થાન લેશે. ભૂતપૂર્વ મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગના કાર્યકાળ દરમિયાન સિમોન્સે ટીમના બોલિંગ કોચ



તરીકે સેવા આપી હતી. મોહિત હવે નવા મુખ્ય કોચ ઝહીર ખાનના સપોર્ટ સ્ટાફના પ્રથમ સભ્ય હશે. ક્રિકબઝના અહેવાલ મુજબ, મોહિત ટૂંક સમયમાં સત્તાવાર રીતે સીએસકે સાથે કરાર પર હસ્તાક્ષર કરશે.સીએસકેના સીઈઓ કાસી વિશ્વનાથને એમ પણ જણાવ્યું હતું કે ઝહીર ખાન સપોર્ટ સ્ટાફને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે અને બોલિંગ કોચ પદ માટે મોહિત શર્માનું નામ આપવામાં આવ્યું છે.

કાસી વિશ્વનાથને જણાવ્યું હતું કે ઝહીર ખાન સપોર્ટ સ્ટાફને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે. એવું લાગે છે કે તેમણે બોલિંગ કોચની ભૂમિકા માટે મોહિતને પસંદ કર્યો છે. તેમની માહિતી મુજબ, આ વર્તમાન પરિસ્થિતિ છે. મોહિત શર્માનો સીએસકે સાથે લાંબા સમયથી સંબંધ છે. તેમણે આઈપીએલમાં સીએસકે માટે ૪૮ મેચ રમી હતી. તેમણે હવે સમાપ્ત થયેલી ચેમ્પિયન્સ લીગ ટી ૨૦ માં પણ બે સીઝન માટે સીએસકેનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં ૧૦ મેચ રમી હતી. મોહિતે ભારતીય ટીમ માટે આઠ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચો પણ રમી છે. તેણે ૨૦૨૫ સીઝન સુધી આઈપીએલમાં ભાગ લીધો હતો. તે પછી, તેણે ગયા વર્ષે ડિસેમ્બરમાં ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

# આઈએલટી ૨૦ ની હરરાજીમાં બાબર અને ગુરબાઝ સહિત ૨૩ દેશોના ૨૦૦ ખેલાડીઓ ભાગ લેશે

ઈસ્લામાબાદ,

ઈન્ટરનેશનલ લીગ ટી ૨૦ (આઈએલટી૨૦) ની પાંચમી સીઝન માટે હરાજીમાં વિશ્વભરના ઘણા મોટા ક્રિકેટ સ્ટાર્સ ભાગ લેવાના છે. ટુર્નામેન્ટની હરાજી માટે પાકિસ્તાનના બાબર આઝમ, ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટ અને અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝ સહિત ૨૦૦ ખેલાડીઓએ પોતાના નામ નોંધાવ્યા છે. ખેલાડીઓની હરાજી ૧ ઓક્ટોબરે દુબઈમાં આઈસીસી એકેડેમી ઈન્ડોર ખાતે થશે, જ્યાં બધી છ ફ્રેન્ચાઇઝી તેમની ટીમોને મજબૂત બનાવવાનો પ્રયાસ કરશે.આઈએલટી ૨૦ ની પાંચમી સીઝન ૨૧ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન યુએઈમાં રમાશે. હરાજીમાં ૨૩ દેશોના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, જેમાં ૧૧ આઈસીસી પૂર્ણ સભ્ય દેશો તેમજ કુવૈત અને સાઉદી અરેબિયાના ખેલાડીઓનો સમાવેશ થાય છે. ભારત તરફથી હરાજીમાં ફક્ત મુરુગન અશ્વિને જ પોતાનું નામ નોંધાવ્યું છે. તે હરાજીમાં ભાગ લેનાર એકમાત્ર ભારતીય છે, કારણ કે વર્તમાન ભારતીય ખેલાડીઓને વિદેશી ટી ૨૦ લીગમાં રમવાની મંજૂરી નથી.હરાજીમાં કુલ ૧૭ પાકિસ્તાની ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. બાબર આઝમ ઉપરાંત, ફખર ઝમાન, નસીમ શાહ, ઉસ્માન તારિક, હસન અલી, શાદાબ ખાન, હસન નવાઝ, મોહમ્મદ નવાઝ, સૈમ અયુબ, ખુશદિલ શાહ, માઝ સદકત અને સાહિબઝાદા ફરહાન જેવા ખેલાડીઓ પણ બોલી લગાવવા માટે ઉપલબ્ધ રહેશે. ખેલાડીઓને તેમની બેઝ પ્રાઈસના આધારે ત્રણ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. આમાં યુએસ ૮૦,૦૦૦, યુએસ ૪૦,૦૦૦ અને યુએસ ૧૦,૦૦૦નો બેઝ પ્રાઈસ શામેલ છે.બાબર આઝમ, ફિલ સોલ્ટ, ટોમ બેન્ટન, ડેવિડ વિલી, ફખર ઝમાન, રહેમાનુલ્લાહ ગુરબાઝ, ઉસ્માન તારિક, જોની બેયરસ્ટો, મોઈન અલી, લિયામ લિવિંગસ્ટોન, અલઝારી જોસેફ, વાનિન્દુ હસરંગા, ફાફ ડુ પ્લેસિસ, તસ્કિન અહેમદ, એલેક્સ હેલ્સ, નસીમ શાહ, સાહિબઝાદા ફરહાન, ફઝલહક ફારૂકી, ક્રિસ વોક્સ અને દાસુન શનાકાને ૪૮૦,૦૦૦ ની સૌથી વધુ બેઝ પ્રાઈસ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, જાદેન સીલ્સ, ઈબ્રાહિમ ઝદરાન, શાદાબ ખાન, તબરેઝ શમસી, અવિષ્કા ફર્નાન્ડો, હસન નવાઝ, શોરીફુલ ઈસ્લામ, મુઆઝ સદકત, કુસલ પરેરા, ગુલબદીન નાયબ, ક્રિસ ગ્રીન, આન્દ્રે ફ્લેચર અને હુનૈન શાહ જેવા ખેલાડીઓ પણ હરાજીમાં પોતાનું નસીબ અજમાવશે.

# ફિલ્મમાં અભિનેતા નહીં, વાર્તાનું મહત્વ : આયુષ્માન ખુરાનાએ નાના બજેટની સફળ ફિલ્મોને વખાણી



મુંબઈ,

એફઆઈસીસીઆઈ ફ્રેમ્સ ટુડે પહેલાં, અભિનેતા આયુષ્માન ખુરાનાએ 'સિનેમા એટ ક્રોસરોડ્સ - ધ રૂલ્સ ઓફ ધ બિગ સ્ક્રીન' સત્રમાં સિનેમા પર પોતાના વિચારો શેર કર્યા. "ઉડતા તેર" ની રિલીઝ પહેલા, અભિનેતાએ કહ્યું કે આજના યુગમાં, જ્યારે દર્શકો વિવિધ પ્લેટફોર્મ પર ફિલ્મો જોઈ રહ્યા છે, ત્યારે જ્યારે તમને બહુવિધ સ્ટાર્સ સુધી પહોંચ મળે છે, ત્યારે ફિલ્મની સ્ક્રિપ્ટ અને પ્રામાણિકતા તેના થિયેટર રનમાં સૌથી મોટી હિટ બની જાય છે. સફળતા માટે મહત્વપૂર્ણ છે. ૨૦૨૬ માં રિલીઝ થતી ઓછી બજેટની ફિલ્મો "હનુમાન અંશ" અને "ઓબ્સેશન" ની સફળતા વિશે આયુષ્માન ખુરાનાએ પણ ચર્ચા કરી. ફિલ્મ નિર્માતા શ્રીરામ રાઘવન અને ઈન્ડિયા થિયેટ્રિકલ્સના વીપી, વોર્નર બ્રધર્સ ડિસ્કવરી અને મેનેજિંગ ડિરેક્ટર ડેન્ઝિલ ડાયસે પણ સત્રમાં ભાગ લીધો હતો.

આયુષ્માન ખુરાનાએ કહ્યું, "હનુમાન અંશ" અને "ઓબ્સેશન" જેવી ઓછી બજેટની ફિલ્મોના મજબૂત બોક્સ ઓફિસ પ્રદર્શન પર ખુશી વ્યક્ત કરી. અભિનેતાએ કહ્યું, "હનુમાન અંશ અને ઓબ્સેશન બે અલગ અલગ દુનિયાની ફિલ્મો છે. બંને ઓછા બજેટની ફિલ્મો છે. મને લાગે છે કે આપણે આવી ફિલ્મો બનાવવી જોઈએ." આપણે બજેટનું ધ્યાન રાખવું જોઈએ અને લોકો સાથે વધુ જોડાઈ જવું જોઈએ. તે સરળ લાગે છે, પણ એવું નથી.

આયુષ્માન આગળ કહે છે કે તે હંમેશા માનતો હતો કે વાર્તા અભિનેતાના સ્ટાર કરતાં મોટી હોવી જોઈએ. તેમણે તેમની આગામી ફિલ્મ ઉડતા તીરનું ઉદાહરણ આપ્યું, જે એક જાસૂસી-કોમેડી છે. તેમણે કહ્યું, "મારી પહેલી ફિલ્મથી, હું માનું છું કે વાર્તા જ વાસ્તવિક સુપરસ્ટાર છે. જોકે મેં છેલ્લા ૨૦ વર્ષમાં ઘણી પ્રકારની ફિલ્મો કરી છે - ખાસ પ્રોજેક્ટ્સથી લઈને સામાન્ય ફિલ્મો સુધી - હવે હું મારી સાચી ઓળખ પર પાછો ફરી રહ્યો છું, જે વાસ્તવિકતા અને સત્ય પર આધારિત છે. જો આપણે લોકોને વાસ્તવિક અને પ્રામાણિક વાર્તા બતાવીએ, તો તેમને તે ગમે છે. મારી આગામી ફિલ્મ, ઉડતા તીર, તે થોડી અલગ છે, પરંતુ હું તેના માટે ઉત્સાહિત છું કારણ કે હું મારા મૂળ તરફ પાછો ફરી રહ્યો છું. તે મારી શૈલી છે."'હનુમાન અંશ' વિશાલ ચતુર્વેદી દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત છે. આ ફિલ્મ નીમ કરોલી બાબા, જેમને મહારાજ-જી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમના જીવન પર આધારિત છે. ?૨ કરોડની આ ફિલ્મે ભારતમાં ?૩૧૨.૩૮ કરોડથી વધુની કમાણી કરી છે અને બોક્સ ઓફિસ પર ૫૦ દિવસ પૂર્ણ કર્યા છે.

# અભિનેત્રી પરિણીતી ચોપરા સુશાંત સિંહ રાજપૂત સાથે ફરીથી કામ કરવાની હતી

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી પરિણીતી ચોપરા અને દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે ૨૦૧૩ ની ફિલ્મ "શુદ્ધ દેશી રોમાન્સ" માં સાથે કામ કર્યું હતું. તાજેતરમાં, એક ઈન્ટરવ્યુમાં, અભિનેત્રીએ અભિનેતાને યાદ કર્યા અને તેમની સાથે સંબંધિત કેટલીક કિસ્સાઓ શેર કરી.

ઝૂમ સાથે વાત કરતા, પરિણીતીએ ખુલાસો કર્યો કે જ્યારે સુશાંતને તેના રાષ્ટ્રીય પુરસ્કાર વિશે ખબર પડી, ત્યારે તે તેના માટે ખુશ હતો. પરિણીતીએ સુશાંતને તેનો મિત્ર અને ચીયરલીડર ગણાવ્યો.પરિણીતી ચોપરા સુશાંત સિંહ રાજપૂતને યાદ કરે છે કે અભિનેતાએ તેના રાષ્ટ્રીય પુરસ્કારની માન્યતા અંગે કેવી રીતે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો

પરિણીતીએ શૂટિંગ દરમિયાનની એક ખાસ ઘટનાનું વર્ણન કર્યું. વિરામ દરમિયાન, તે સુશાંત અને દિવંગત પીઢ અભિનેતા ઋષિ કપૂર સાથે હોટલના પૂલ પાસે બેઠી હતી. ત્યારબાદ તેને ફિલ્મ નિર્માતા કરણ જોહરનો સંદેશ મળ્યો, "અભિનંદન." પરિણીતીએ સમજાવ્યું, "મને કરણ જોહરનો સંદેશ મળ્યો, અને તેમાં લખ્યું હતું, 'અભિનંદન.' હું વિચારી



રહી હતી કે તે શા માટે હતું. સુશાંત ખૂબ જ ઉત્સાહિત થયો અને કહ્યું કે તે જાણશે."પરિણીતી ચોપરા સુશાંત સિંહ રાજપૂતને યાદ કરે છે, અભિનેતાએ તેના રાષ્ટ્રીય પુરસ્કારની માન્યતા પર કેવી રીતે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો તે યાદ કરે છે પછી, જ્યારે તેને ખબર પડી કે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત થઈ ગઈ છે, ત્યારે સુશાંત ખુશીથી પૂલ પાસે ખુરશીઓ પર ચઢી ગયો અને કહ્યું, "હું એક રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સાથે કામ કરી રહ્યો છું." આ ક્ષણને યાદ કરતા પરિણીતીએ કહ્યું, "મેં ક્યારેય કોઈને મારા માટે આટલો ઉત્સાહિત અને ખુશ જોયો નથી. ઋષિ સરએ કહ્યું, 'તમે બંને પાગલ થઈ ગયા છો.' સુશાંતે મને ગળે લગાવ્યો, અને હું રડવા લાગી."

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તુ | આ | ર | વા | બા | લી | મા | ધ | ત | બં | પ્ર | ર |
| કા | ક્રો | મો | ન | બં | ર | ગ | દ | ક | ત | ળ | ગ |
| ખ | લ | લા | ર | સા | જી | સા | ક્ષ | આ | એ | વિ | ભા |
| શિ | ધ | કુ | લ | પ્ર | હા | ચા | ખ | વિ | ક | મ | દ |
| ક | સા | સ | હા | ર | બં | ધ | ચા | દ | મો | મા | સ |
| ગ | અ | ર | ર | સ | સ | ર | રા | ર | ભો | ર | રી |
| શિ | દ | સ | ર | કા | ણા | ળ | બં | કા | વા | ભો | આ |
| બા | ક્ષ | ક | કા | અ | પ્ર | કા | કા | ળો | આ | લા | ર |
| અ | ળ | ક | ઈ | ન | દા | ગ | દ | ધ | ચા | ણ | ભો |
| ન | ડી | રો | ધ | એ | વિ | મ | ર | ન | કા | બૂ | અં |
| શિ | ક્ષ | ણ | ળો | દ | જ્ઞા | શિ | અ: | ર | વા | ક | આ |
| ધ | ત | ગ | મા | ર | ન | બં | બ | ડો | લ | પ્ર | દ |

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# અભિનેતા રજનીકાંત પોતાની લક્ઝરી કાર છોડીને ઓટો-રિક્ષામાં શૂટિંગ માટે પહોંચ્યા

હૈદરાબાદ,

દક્ષિણ સિનેમાના સુપરસ્ટાર રજનીકાંતના ફેન ફોલોઈંગનો અંદાજ તેમના ચાહકોના ઉત્સાહથી લગાવી શકાય છે. તાજેતરમાં મૈસુરમાં પણ આવું જ એક દ્રશ્ય જોવા મળ્યું હતું, જ્યાં રજનીકાંતની ફિલ્મ "ધર્મન" નું શૂટિંગ ચાલી રહ્યું હતું. શૂટિંગની જાણ થતાં, મોટી સંખ્યામાં ચાહકો અભિનેતાની એક ઝલક જોવા માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે, ચાહકોને એક ખાસ આશ્ચર્ય થયું જ્યારે રજનીકાંત લક્ઝરી કારમાં નહીં, પરંતુ ઓટો-રિક્ષામાં શૂટિંગ સ્થળ પર પહોંચ્યા. આ હાવભાવ હવે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયો છે.

સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં રજનીકાંત ઓટો-રિક્ષામાં શૂટિંગ સેટ પર પહોંચતા જોવા મળે છે. સુરક્ષા કર્મચારીઓ તેમના ઓટોની આસપાસ હાજર હતા, જેનાથી ચાહકોને પ્રારંભિક સંકેત મળ્યો કે તેમનો પ્રિય સ્ટાર સ્થાન પર આવી ગયો છે. ઓટો બંધ થતાં જ રજનીકાંત બહાર નીકળ્યા, ચાહકોએ ઉત્સાહથી તેમનો ઉત્સાહ વધાર્યો. અભિનેતાએ તેમના ચાહકોને નિરાશ કર્યા નહીં. તેમણે તેમને હાથ હલાવ્યો અને પછી શૂટિંગ શરૂ કર્યું. આ સમય દરમિયાન, ત્યાં હાજર લોકોએ તેમના મોબાઇલ ફોન પર તેમનો વીડિયો બનાવ્યો, જે ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો.

બીજા વિડિઓમાં, સુરક્ષા કર્મચારીઓ શૂટિંગ સ્થળના ગેટ પાસે ભીડને નિયંત્રિત કરતા જોવા મળ્યા. રજનીકાંત સેટ પર આવ્યા પછી, સુરક્ષા ટીમે શૂટિંગમાં વિક્ષેપ ન પડે તે માટે ગેટ બંધ રાખવાનો પ્રયાસ કર્યો. જોકે, બહાર ચાહકોનો અવાજ વધુ તીવ્ર બન્યો. ચાહકોનો ઉત્સાહ જોઈને, રજનીકાંત પોતે બહાર આવ્યા અને તેમને મળ્યા. અભિનેતા મરૂન શર્ટ અને પરંપરાગત વેષ્ટી પહેરેલા જોવા મળ્યા. તેમણે લોકોને હાથ લહેરાવ્યો. નોંધનીય છે કે, બાળકોથી લઈને પુખ્ત વયના લોકો સુધીના ઘણા ચાહકો તેમની એક ઝલક જોવા માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા



હતા. કેટલાક બાળકોએ ફિલ્મ "બાબા" ના રજનીકાંતના પ્રખ્યાત શૈલીનું અનુકરણ કરીને તેમનું સ્વાગત કર્યું.

અશ્વથ મરીમુથુ રજનીકાંતની આગામી ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે. સિમરન, રાશિ ખન્ના અને યોગી બાબુને ફિલ્મમાં કલાકારો તરીકે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા છે. જોકે, મૈસુરના શૂટિંગના કેટલાક ફોટા અને વીડિયોએ ફિલ્મના કલાકારો વિશે નવી ચર્ચા જગાવી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેલુગુ અભિનેત્રી શ્રીલીલા "ધર્મન" ના સેટ પર, પરંપરાગત ગુલાબી અને વાદળી પટ્ટુ પવાદાઈ પોશાક પહેરેલી જોવા મળી રહી છે. અભિનેતા રામ પોથીનેની પણ આ ફિલ્મનો ભાગ હોવાની અફવા છે. જોકે, ફિલ્મની ટીમે હજુ સુધી બંને કલાકારોના કાસ્ટિંગની સત્તાવાર પુષ્ટિ કરી નથી. થોડા દિવસો પહેલા ફિલ્મના પોસ્ટર સાથે તેમના નામની જાહેરાત કરવામાં આવી હતી.

સોશિયલ મીડિયા પર રાશી ખન્નાની એક તસવીર સામે આવતાં ફિલ્મના કાસ્ટિંગ અંગે ચર્ચા વધુ તીવ્ર બની હતી. તસવીરમાં તે રજનીકાંત અને રામ પોથીનેની સાથે જોવા મળી હતી. એવું જાણવા મળ્યું હતું કે રાશીએ મૈસુર વિશેની એક પોસ્ટમાં આ ફોટો શેર કર્યો હતો, પરંતુ બાદમાં તેને ડિલીટ કરી દીધો હતો. રામ પોથીનેની તેની પછીની પોસ્ટમાં જોવા મળ્યા ન હતા. પોસ્ટમાં, રાશી મૈસુરના ભોજન અને સુંદર દૃશ્યોનો આનંદ માણતી જોવા મળી હતી. આ ફેરફાર બાદ, ચાહકો અનુમાન લગાવવા લાગ્યા કે રામ ફિલ્મમાં દેખાશે કે નહીં. નિર્માતાઓએ હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.રજનીકાંતની આ ફિલ્મની શરૂઆતથી જ તેની આસપાસ ભારે ઉત્તેજના છે. જૂન મહિનામાં, નિર્માતા કમલ હાસને સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે રજનીકાંત અભિનીત ફિલ્મનું નામ "ધર્મનંદ" રાખવામાં આવ્યું છે અને તેનું દિગ્દર્શન અશ્વથ કરશે. સુંદર સી અને સિબી ચક્રવર્તીને પહેલા દિગ્દર્શન માટે વિચારણા કરવામાં આવી હતી, પરંતુ પછીથી બંનેએ પ્રોજેક્ટ છોડી દીધો. ફિલ્મના ફર્સ્ટ લુકમાં રજનીકાંત એક ડૉક્ટર તરીકે દર્શાવવામાં આવ્યા હતા. પોસ્ટરમાં તેમને ઓપરેશન થિયેટરની અંદર સ્ક્રબ પહેરેલા અને લોહીથી લથપથ સાધનો પકડીને ઉભા રહેલા દર્શાવવામાં આવ્યા હતા. તેમની આસપાસ અનેક મૃતદેહો પણ દેખાઈ રહ્યા હતા. પોસ્ટરમાં લખ્યું હતું, "ધ ડેડલી ડોક્ટર". હવે, મૈસુરમાં ચાલી રહેલા શૂટિંગ અને રજનીકાંતની ચાહકો સાથેની મુલાકાતોએ ફિલ્મને લઈને ઉત્સાહમાં વધુ વધારો કર્યો છે.

# સગીરાનું અપહરણ કરનાર શખ્સ પોલીસ ગિરફતમાં



ભાવનગર,તા.૧
શહેરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલી અયોધ્યાનગરીમાં ભાડેથી રહેતા જયરાજ નિકુલભાઈ પરમાર નામના શખ્સ સામે સગીરાનું અપહરણ કરવાનો ગંભીર ગુનો નોંધાતા પોલીસે તેની અટકાયત કરી છે. આરોપી જયરાજે ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરના સમયે સગીરા હોવાનું જાણવા છતાં તેને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદાથી વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો. આ ઘટના અંગે પીડિત પરિવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી આરોપીને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી ધરી છે.

# અકવાડા પાસે નવજાત શિશુને તરછોડાયું, સર ટી. હોસ્પિટલના ICUમાં દાખલ કરાયું

## સાયકલિંગ કરી રહેલા તબીબે બાળકને હોસ્પિટલ પહોંચાડ્યું

ભાવનગર,તા.૧
ઘોઘારોડ વિસ્તારમાં અકવાડા ગામથી એકાદ કિલોમીટર દૂર ૧ દિવસના માસૂમ પુરુષ શિશુને અજાણ્યા માતા-પિતા રોડ પર જીવંત હાલતમાં તરછોડીને ફરાર થઈ જતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ની સવારે સાયકલિંગ કરી રહેલા ડો. જયેશ પંડ્યાની નજર બાળક પર પડતાં તેમણે તાત્કાલિક તેને સર ટી. હોસ્પિટલના બાળ આઈસીયુ વોર્ડમાં ખસેડ્યું હતું.

હાલ બાળકની શારીરિક સ્થિતિ નાજુક હોવાથી તબીબી સારવાર ચાલી રહી છે. ઘટના અંગે ઘોઘારોડ પોલીસ સ્ટેશનના PSI વી. એચ. મોરડીયાએ તપાસ હાથ ધરી અજાણ્યા માતા-પિતા સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૯૩ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ઉમરાળામાં SP નિતેશ પાંડેયના અધ્યક્ષસ્થાને લોક દરબાર યોજાયો

## રૂપિયા ૮ લાખથી વધુનો ચોરીનો મુદ્દામાલ મુળ માલિકોને સુપ્રત કરાયો





ભાવનગર,તા.૧
ઉમરાળાના ચોગઠ રોડ સ્થિત માધવાનંદ આશ્રમ ખાતે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના અધ્યક્ષપદે અને સિહોર ઙ્અજી જે.એસ. દહિયાની વિશેષ ઉપસ્થિતિમાં લોક દરબાર યોજાયો હતો. પોલીસ અને પ્રજા વચ્ચે સીધો સંવાદ સ્થાપવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં તાલુકાના સામાજિક-રાજકીય આગેવાનો તથા ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી પોતાના પ્રશ્નો અને ફરિયાદો રજૂ કરી હતી.

જિલ્લા પોલીસ વડાએ લોકોની રજૂઆતો સાંભળી સ્થળ પર જ સંબંધિત અધિકારીઓને ઝડપી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા હતા તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

આ પ્રસંગે 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત ઉમરાળા પોલીસ અધિકારી હિતેન્દ્રસિંહ બારડની હાજરીમાં રૂ. ૮ લાખથી વધુ કિંમતનો ચોરી થયેલો મુદ્દામાલ તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન યુવા એડવોકેટ વિનોદગીરી ગોસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બગદાણામાં શેઢાની વાડ અને પ્લોટના દબાણ બાબતે મહિલા પર હુમલો

## ૧૧૨ જનરક્ષકની ટીમે સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડી

ભાવનગર,તા.૧
બગદાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જમીનના શેઢા બાબતે ચાલી આવતી જૂની માથાકૂટમાં પાડોશી મહિલાએ અન્ય મહિલા પર લાકડી વડે હુમલો કરી મુંઢ ઈજાઓ પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. જમીનના શેઢા પર તારની વાડ કરવા અને પ્લોટમાં દબાણ કરવાના બાબતે થયેલી તકરાર બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો.

ઘટનાની વિગતો મુજબ, ગત તા. ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ સવારે સાડા છ-એક વાગ્યાના સુમારે પીડિત મહિલા પોતાની વાડીએ માલ-ઢોરનું વાસીંદુ કરી રહ્યા હતા. તે સમયે પાડોશી સંજયભાઈ દુલાભાઈ બાંભણીયા અને તેમના પત્ની ભાવનાબેન મોટરસાઈકલ લઈને તેમની વાડીએ આવ્યા હતા. મહિલાને જોઈને ભાવનાબેને બાઈક ઊભું રખાવી નજીક આવીને "તમે કેમ શેઢે તારની વાડ નાખેલ છે અને ઘર પાસે આવેલ પ્લોટમાં કેમ દબાણ કરો છો?" તેમ કહી ગાળાગાળી શરૂ કરી દીધી હતી.

ઝઘડો વધતાં ભાવનાબેને પોતાના હાથમાં રહેલી લાકડી વડે મહિલાને પીઠ અને હાથના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. આ દરમિયાન પીડિત મહિલાના પુત્ર ચંદ્રસિંહે અવાજ સાંભળી તુરંત જ ૧૧૨ જનરક્ષક હેલ્પલાઈનને ફોન કર્યો હતો. ૧૧૨ની ગાડી તત્કાલ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને પક્ષોને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ ઈજાગ્રસ્ત મહિલાને બગદાણા સી.એસ.સી. સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અગાઉ બંને પક્ષો વચ્ચે સમાધાનની વાટાઘાટો ચાલતી હોવાથી માત્ર અરજી આપવામાં આવી હતી, પરંતુ સમાધાન ન થતાં અને સામા પક્ષે ફરિયાદ નોંધાવતા, આખરે મહિલાએ પણ પોતાના પુત્ર સાથે બગદાણા પોલીસ સ્ટેશન પહોંચી ભાવનાબેન સંજયભાઈ બાંભણીયા વિરુદ્ધ વિધિવત પોલીસ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**બે ટાવર વેગનના વાર્ષિક જાળવણી કરાર**

**નંબર: DRM/TRD/BVP/2026-27/02 તારીખ: 29.09.2026** ઈ-ટેન્ડર આમંત્રણ સૂચના: ભારતના રાષ્ટ્રપતિ વતી મંડલ રેલવે પ્રબંધક (TRD), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નંબર: 18-TRDBVP-2026-27 કામનું નામ:** ભાવનગર મંડલના બે ટાવર વેગનનો 2 વર્ષ (24 મહિના) માટેનો વાર્ષિક જાળવણી કરાર. **ટેન્ડરની રકમ:** ₹99,06,848/- **ટેન્ડર ફી:** શૂન્ય **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹1,98,100/- **કચેરીનું સરનામું:** મંડલ રેલવે પ્રબંધક (ટ્રેક્શન), ભાવનગર પરા, મંડલ રેલવે પ્રબંધક કચેરી, ભાવનગર પરા-364003. ટેન્ડર ભરનારાઓએ માત્ર **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** વેબસાઈટની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડર માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 22.10.2026ના રોજ 15:00 કલાક સુધી છે.

**BVP 139**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**ઈન્કલાઈન્ડ ડ્રોપર ની જોગવાઈ**

**ક્રમાંક: DRM/TRD/BVP/2026-27/01 : તારીખ: 29.09.2026** ઈ-ટેન્ડર આમંત્રિત સૂચના: ડિવિઝનલ રેલવે મેનેજર (TRD), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા, ભારતનાં રાષ્ટ્રપતિ વતી નીચેના કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર ક્રમાંક: 07-TRDBVP-2026-27-R. કાર્યનું નામ:** તમામ કેન્ટીલીવર માટે ઈન્કલાઈન્ડ ડ્રોપરની જોગવાઈ. **ટેન્ડરની રકમ:** રૂ. 43,04,202.64/- **ટેન્ડર ફી:** શૂન્ય (NIL) **EMD રકમ:** રૂ. 86,100/- **સરનામું:** DRM (ટ્રેક્શન) BVP, DRM કાર્યાલય, ભાવનગર પરા-364003 બોલી લગાવનારાઓએ માત્ર **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. ઉપર જણાવેલ ટેન્ડર માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 22.10.2026 ના રોજ 15:00 કલાક સુધી રહેશે.

**BVP 138**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) માટે આમંત્રણ સૂચના**

ભારતના રાષ્ટ્રપતિ વતી, પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ભાવનગર ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ એર-કન્ડિશન્ડ (એસી) રૂમનો ઉપયોગ રેલવેની નોન-ફેર રેવન્યુ (NFR) નીતિ હેઠળ યોગ્ય ઓફિસ, સંસ્થાકીય, વાણિજ્યિક, સેવા-લક્ષી અથવા અન્ય પરવાનગી પ્રાપ્ત પ્રવૃત્તિઓ માટે કરવા માટે પાત્ર સંસ્થાઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) આમંત્રિત કરે છે. આ EOI પશ્ચિમ રેલવે ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યું છે જેની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| EOI નં. | CA11-EA-Management of AC Rooms (773124) |
| EOI અપલોડ કરવાની તારીખ | 29.09.2026 |
| પ્રસ્તાવ જમા કરાવવાની અંતિમ તારીખ અને સમય | 30.10.2026 ના રોજ 15:30 કલાકે |
| EOI દસ્તાવેજ અહીં ઉપલબ્ધ છે | પશ્ચિમ રેલવે સાઈટ: https://wr.indianrailways.gov.in |

સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, પશ્ચિમ રેલવે, ભાવનગર પેરા ડિવિઝન, પ્રથમ માળ, વાણિજ્ય વિભાગ, ડીઆરએમ ઑફિસ, ગઢેચી વડલા, આરટીઓ સર્કલ પાસે, ભાવનગર પરા, ભાવનગર, ગુજરાત - 364003. ઈમેઈલ:- dcm.bvp.wr@gmail.com

**BVP 140**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


**-:જાહેર નોટીસ :-**

**પાલીતાણાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.પાલીતાણા.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- આર. એસ. મતવા**
**પર.ફોજદારી અરજી નં.૩૩૩/૨૦૨૬**
**મુદત તારીખ: ૦૯/૧૦/૨૦૨૬**

**ઇકબાલભાઈ કાસમભાઈ મતવા**
**રહે. મુ. નાની રાજથાળી, તા. પાલીતાણા, જી. ભાવનગર.** ..........**અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, નાની રાજસ્થળી, તા. પાલીતાણા, જી. ભાવનગર.** ........**સામાવાળા**

**બાબત :- જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી કરવા અંગેની અરજી**

આથી જાહેર જનતાને સદરહુ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ઈકબાલભાઈ કાસમભાઈ મતવા, રહે. મુ. નાની રાજથાળી, તા. પાલીતાણા, જી. ભાવનગરના બેન ગુલશનબેન કાસમભાઈ મતવાનો નો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૬ ના રોજ મુ. નાની રાજસ્થળી, તા. પાલીતાણા, જી. ભાવનગર મુકામે થયેલ છે. સદરહુ જન્મની નોંધ નાની રાજસ્થળી ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટ્રરમાં નોંધણી અંગે હુકમ કરવા સારૂ અરજદારે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી દાખલ કરેલ છે. જે અરજી અંગે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો, તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૦૯/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજરોજ તારીખ ૨૧/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**તૈયાર કરનાર (આર.એમ.ચોપડા) આસીસ્ટન્ટ** **મુકાબલ કરનાર (એસ.વી.સ્વીસાહેબ) સુપ્રિન્ટેન્ડેન્ટ** **કોર્ટનો સિક્કો** **(એન. જી.ભંડારી) ઇ.ચા. રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, પાલીતાણા.**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી એચ.કે.મંગળસીક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૦૫/૨૦૨૬**

**શ્રી સુનીતા રાજેશકુમાર શર્મા.**
**રહે. ૩૧૦/૦૩. જુ.ફ્લોર ક્રુષ્ણકુંજ પ્લાઝા અમદાવદ રોડ , શિહોર તા. શિહોર, જી.ભાવનગર.** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફિસરશ્રી**
**રહે.નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર** ....**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી કોમલ રાજેશકુમાર શર્માનો જન્મ તા.૨૦/૦૧/૨૦૦૬ના રોજ શિહોર તાલુકાના સિહોર ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્રી કોમલ રાજેશકુમાર શર્માનના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી કોમલ રાજેશકુમાર શર્માના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી એચ.કે.મંગળસીક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૮૩/૨૦૨૬**

**શ્રી જીવરાજભાઈ પરષોત્તમભાઈ મોરડીયા.**
**રહે. પીપળીયા, તા.શિહોર, જી.ભાવનગર** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રહે.પીપળીયા ગ્રામ પંચાયત, મુ. વરલ, તા.શિહોર, જી.ભાવનગર** ....**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી શોભાબેન જીવરાજભાઈ મોરડીયાનો જન્મ તા.૧૪/૦૯/૧૯૮૬ના રોજ શિહોર તાલુકાના પીપળીયા ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્રી શોભાબેન જીવરાજભાઈ મોરડીયાનના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી શોભાબેન જીવરાજભાઈ મોરડીયાના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, પીપળીયા ગ્રામ પંચાયત, મુ. વરલ, તા.શિહોર, જી.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી. હાર્દિક કે. મંગળસિક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૫૮/૨૦૨૬**

**શ્રી ટેમુભા જટુભા ગોહિલ.**
**રહે. મગલાણા, તા.શિહોર, જિ.ભાવનગર** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રહે.મગલાણા ગ્રામ પંચાયત, મુ.આંબલા,તા.શિહોર, જિ.ભાવનગર** ..**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે અવસાનની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના દાદા મેરામણજી જીજીભાઈ ગોહિલનુ અવસાન તા.૧૪/૦૧/૧૯૬૨ના રોજ શિહોર તાલુકાના મગલાણા ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના દાદા મેરામણજી જીજીભાઈ ગોહિલનના અવસાનની તારીખ નોંધાયેલ ન હોય જેથી અવસાન તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના દાદા મેરામણજી જીજીભાઈ ગોહિલના અવસાનની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, મગલાણા ગ્રામ પંચાયત, મુ.આંબલા, તા.શિહોર, જિ.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી. હાર્દિક કે. મંગળસિક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૪૯/૨૦૨૬**

**શ્રી ભરતભાઈ ભીમાભાઈ ચુડાસમા.**
**રહે. રે. ગામ.ઘાંઘળી, તા.શિહોર, જી.ભાવનગર** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, અને**
**રહે.ઘાંઘળી ગ્રામ પંચાયત,મુ.ઘાંઘળી, તા.શિહોર, જી.ભાવનગર** ....**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે અવસાનની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના માતા હળવીબેન ભીમાભાઈ ચુડાસમાનું અવસાન તા. ૨૫/૦૨/૨૦૨૩ના રોજ શિહોર તાલુકાના ઘાંઘળી ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના માતા હળવીબેન ભીમાભાઈ ચુડાસમાનના અવસાનની તારીખ નોંધાયેલ ન હોય જેથી અવસાન તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના માતા હળવીબેન ભીમાભાઈ ચુડાસમાના અવસાનની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,અને ઘાંઘળી ગ્રામ પંચાયત, મુ.ઘાંઘળી, તા.શિહોર, જી.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી એચ.કે.મંગળસીક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૮૨/૨૦૨૬**

**શ્રી ઇબ્રાહીમભાઇ બચુભાઇ ચુડેસરા.**
**રહે. થોરાળી, તા.શિહોર, જી.ભાવનગર** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રહે.થોરાળી ગ્રામ પંચાયત,મુ. વરલ, તા.શિહોર, જી.ભાવનગર** ....**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી અનીષા ઈબ્રાહીમભાઈ બચુભાઈનો જન્મ તા.૨૦/૦૨/૧૯૯૦ના રોજ શિહોર તાલુકાના થોરાળી ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્રી અનીષા ઈબ્રાહીમભાઈ બચુભાઈનના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી અનીષા ઈબ્રાહીમભાઈ બચુભાઈના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, થોરાળી ગ્રામ પંચાયત, મુ. વરલ, તા.શિહોર, જી.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી એચ.કે.મંગળસીક્કા**
**બી.એન્ડ ડી. રજી.નં.૧૩૯/૨૦૨૬**

**શ્રી રઘુભાઈ સાદુળભાઈ ચાવડા.**
**રહે. રે.મઢડા, તા.શિહોર** ....**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, અને**
**રહે.મઢડા ગ્રામ પંચાયત, મુ.મઢડા, તા.શિહોર, જી.ભાવનગર** ....**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે અવસાનની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના માતા અમરીબેન સાદુળભાઈ ચાવડાનું અવસાન તા. ૨૦/૦૨/૧૯૯૬ના રોજ શિહોર તાલુકાના મઢડા ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના માતા અમરીબેન સાદુળભાઈ ચાવડાનના અવસાનની તારીખ નોંધાયેલ ન હોય જેથી અવસાન તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના માતા અમરીબેન સાદુળભાઈ ચાવડાના અવસાનની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,અને મઢડા ગ્રામ પંચાયત, મુ.મઢડા, તા.શિહોર, જી.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય | ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૯/૧૦/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૧૮/૦૯/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી એચ.કે.મંગળસીક્કા**
**બી.એન્ડ ડી. રજી.નં.૧૨૬/૨૦૨૬**

**શ્રી મુળાભાઈ નોંધાભાઈ કુવાડીયા.**
**રહે. ખાખરીયા, તા.શિહોર .** ....**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રહે.ખાખરીયા ગ્રામ પંચાયત, મુ.ખાખરીયા, તા.શિહોર, જી.ભાવનગર સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે અવસાનની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના ભાભી દેવુબેન ગોવિંદભાઈ કુવાડીયાનુ અવસાન તા.૦૪/૦૬/૧૯૮૨ના રોજ શિહોર તાલુકાના ખાખરીયા ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના ભાભી દેવુબેન ગોવિંદભાઈ કુવાડીયાનના અવસાનની તારીખ નોંધાયેલ ન હોય જેથી અવસાન તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના ભાભી દેવુબેન ગોવિંદભાઈ કુવાડીયાના અવસાનની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, ખાખરીયા ગ્રામ પંચાયત, મુ.ખાખરીયા, તા.શિહોર, જી.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય | ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૯/૧૦/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૧૮/૦૯/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી. હાર્દિક કે. મંગળસિક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૬૦/૨૦૨૬**

**શ્રી સંગીતાબેન અજયભાઈ સોલંકી.**
**રહે. રામનગર, પ્લોટીંગ વિસ્તાર, તા.શિહોર.** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી,**
**રહે.નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર** ..**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી રમીલાબેન અજયભાઈ સોલંકીનો જન્મ તા.૦૭/૦૮/૨૦૨૧ના રોજ શિહોર તાલુકાના શિહોર ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્રી રમીલાબેન અજયભાઈ સોલંકીનના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી રમીલાબેન અજયભાઈ સોલંકીના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર (જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી. હાર્દિક કે. મંગળસિક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૬૧/૨૦૨૬**

**શ્રી લત્તાબેન ગોપાલભાઈ સોલંકી.**
**રહે. રામનગર, શિહોર** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી,**
**રહે.નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર** ..**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્ર ગોપી ગોપાલભાઈ સોલંકીનો જન્મ તા.૦૫/૦૫/૨૦૧૩ના રોજ શિહોર તાલુકાના શિહોર ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્ર ગોપી ગોપાલભાઈ સોલંકીના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્ર ગોપી ગોપાલભાઈ સોલંકીના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી. હાર્દિક કે. મંગળસિક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૬૨/૨૦૨૬**

**શ્રી લત્તાબેન ગોપાલભાઈ સોલંકી.**
**રહે. રામનગર, શિહોર** ..**અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી,**
**રહે.નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર** ..**સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી જાનવી ગોપાલભાઈ સોલંકીનો જન્મ તા.૦૬/૦૩/૨૦૧૪ના રોજ શિહોર તાલુકાના શિહોર ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્રી જાનવી ગોપાલભાઈ સોલંકીના જન્મની તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી જાનવી ગોપાલભાઈ સોલંકીના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૦૯-૧૦-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૨૫/૦૯/૨૦૨૬** **કોર્ટનો સિક્કો** **નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

# ચૂંટણી પંચ અને તેની સંબંધિત પ્રક્રિયાઓના મુદ્દાને લઈને વિરોધ પક્ષોની આંદોલનની જાહેરાત

## ભારત ગઠબંધનની બેઠકમાં વિરોધ પક્ષોનો સાથે મળીને વિરોધ કરવાનો નિર્ણય

નવીદિલ્હી,
ચૂંટણી પંચ અને તેની સંબંધિત પ્રક્રિયાઓના મુદ્દાને સંબોધવા માટે આજે વિરોધ પક્ષના નેતાઓ આખરે એક મંચ પર ભેગા થયા. રાજધાની દિલ્હીમાં ઈન્ડિયા એલાયન્સની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વિરોધ પક્ષોએ સંયુક્ત આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જાહેરાત કરી હતી કે ૨ થી ૮ ઓક્ટોબર સુધી, ઈન્ડિયા એલાયન્સ જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસો પર દેખાવો કરશે અને "લોકશાહી બચાવો" કૂચનું આયોજન કરશે. ૬ ઓક્ટોબરના રોજ, બધા વિપક્ષી સાંસદો ચૂંટણી પંચ તરફ કૂચ કરશે. વધુમાં, વિપક્ષી નેતાઓ ઓક્ટોબરના બીજા અઠવાડિયામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાતની વિનંતી કરશે. આ બેઠક દરમિયાન, તેઓ રાષ્ટ્રપતિને સમજાવશે કે વર્તમાન સરકાર સંસ્થાઓ પર કબજો કરવાનો પ્રયાસ કેવી રીતે કરી રહી છે. ઈન્ડિયા એલાયન્સે પાંચ મોટી રેલીઓ યોજવાનું પણ નક્કી કર્યું છે, જેમાં ૧ નવેમ્બરના રોજ દિલ્હીમાં એક મોટી રેલીનો




સમાવેશ થાય છે. બાકીની રેલીઓના સ્થળો પછીથી નક્કી કરવામાં આવશે.

બેઠક બાદ એક પત્રકાર પરિષદમાં, ખડગેએ ઈન્ડિયા એલાયન્સની ભાવિ યોજનાઓની રૂપરેખા આપી અને કહ્યું કે વિપક્ષી પક્ષોએ સંયુક્ત રીતે લોકશાહીના રક્ષણ માટે આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેમાં ચૂંટણી પ્રક્રિયા વિશે ઉઠાવવામાં આવતા પ્રશ્નો અને "મત ચોરી" ના આરોપોને આંદોલનના મુખ્ય મુદ્દાઓ તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) ને બદલે બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે બધા નેતાઓ સાથે મળીને લડવા માટે સંમત થયા છે.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી માસ્ટર્સ ઈન ફાઈનાન્સિયલ એન્ડ ઈકોનોમિક સિક્યોરિટીની બીજી બેચ શરૂ કરશે









રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી , ગૃહ મંત્રાલય, ભારત સરકાર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ , કોર્પોરેટ બાબતોના મંત્રાલય સાથે મળીને નવેમ્બર ૨૦૨૬ માં તેના માસ્ટર્સ ઈન ફાઈનાન્સિયલ એન્ડ ઈકોનોમિક સિક્યોરિટી (MFES) પ્રોગ્રામની બીજી બેચ શરૂ કરવા માટે તૈયાર છે. આ પ્રોગ્રામ તેની પ્રથમ બેચની સફળ પૂર્ણાહુતિ પછી શરૂ કરવામાં આવી રહ્યો છે, જેમાં બેંકિંગ, કાયદા અમલીકરણ, તપાસ, શિક્ષણ, સાહસિકતા અને કાનૂની સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોના ૪૦ થી વધુ વ્યાવસાયિકો (પ્રોફેસનલ્સ) નો સમાવેશ થતો હતો.

ખાસ કરીને નોકરીયાત વ્યાવસાયિકો માટે ડિઝાઈન કરાયેલ, આ એક વર્ષનો પ્રોગ્રામ હાઈબ્રિડ મોડમાં ઓફર કરવામાં આવે છે, જે સહભાગીઓને નાણાકીય અને આર્થિક સુરક્ષામાં વિશિષ્ટ જ્ઞાન અને વ્યવહારુ કૌશલ્યો મેળવવાની સાથે તેમની વ્યાવસાયિક જવાબદારીઓ ચાલુ રાખવા માટે સક્ષમ બનાવે છે. આ પ્રોગ્રામ વ્યવહારુ શિક્ષણ, હાથોહાથ તાલીમ અને નાણાકીય તથા આર્થિક સુરક્ષામાં સમકાલીન પડકારોના સંપર્ક પર ભારે ભાર મૂકે છે. પરસ્પર જોડાયેલા વૈશ્વિક અર્થતંત્રમાં નાણાકીય સુરક્ષા અને આર્થિક અખંડિતતા વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે. નાણાકીય ટેકનોલોજી, ડિજિટલ અસ્કયામતો અને સીમાપારની નાણાકીય પ્રવૃત્તિઓના ઝડપી વિકાસથી નાણાકીય અપરાધ અને આર્થિક વિક્ષેપ માટે નવા માર્ગો પણ ઉભા થયા છે. તેથી ઉભરતા નાણાકીય અને આર્થિક અપરાધોને સમજવા, અટકાવવા અને તેનો પ્રતિભાવ આપવા માટે સક્ષમ વ્યાવસાયિકોનું એક વિશિષ્ટ કેડર બનાવવાની વધતી જરૂરિયાત છે, જેનાથી ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતા મજબૂત થાય અને આંતરરાષ્ટ્રીય શાંતિ, સ્થિરતા અને સુરક્ષામાં યોગદાન આપી શકાય.

નેશનલ સ્ટોક એક્સચેન્જ , મુંબઈ ખાતે બોલતા, સ્કૂલ ઓફ ક્રિમિનલ લો એન્ડ મિલિટરી લો, ઈઈ ના ડિરેક્ટર સુનીલ કવિશ્વરે નાણાકીય પ્રણાલીઓની અખંડિતતા અને સ્થિતિસ્થાપકતાને સુરક્ષિત કરવાના વધતા મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે નાણાકીય અપરાધો સતત વિકસિત થઈ રહ્યા છે, જે પરંપરાગત સ્વરૂપોથી આગળ વધીને વર્ચ્યુઅલ ડિજિટલ અસ્કયામતો, ટેરર ફાઈનાન્સિંગ (આતંકવાદી ભંડોળ), પ્રોલિફરેશન ફાઈનાન્સિંગ અને ટેકનોલોજી-સક્ષમ નાણાકીય અપરાધો જેવા ઉભરતા ક્ષેત્રોમાં આવી રહ્યા છે. ગુનાહિત નેટવર્ક્સ દ્વારા અત્યાધુનિક ટેકનોલોજીના વધતા ઉપયોગથી અમલીકરણ, નિયમનકારી અને નાણાકીય સંસ્થાઓ માટે નવા પડકારો ઉભા થયા છે. કવિશ્વરે રેખાંકિત કર્યું હતું કે RRU એ નાણાકીય અને આર્થિક સુરક્ષાના ઉભરતા ક્ષેત્રમાં ક્ષમતા વર્ધન, વિશિષ્ટ તાલીમ અને જ્ઞાનના આદાન-પ્રદાન માટે વૈશ્વિક મંચ વિકસાવવામાં આગેવાની લીધી છે. યુનિવર્સિટી આ ક્ષેત્રમાં વિશિષ્ટ સમજણ અને વ્યવહારુ ક્ષમતાઓને મજબૂત કરવા માટે સંબંધિત ક્ષેત્રોના વ્યાવસાયિકો, નિષ્ણાતો અને સંસ્થાઓને એકસાથે લાવવાની દિશામાં કામ કરી રહી છે. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે MFES પ્રોગ્રામ માત્ર શિક્ષણવિદોને જ નહીં પરંતુ અનુભવી પ્રેક્ટિશનરો અને નોકરીયાત વ્યાવસાયિકોને પણ એકસાથે લાવે છે જેઓ ક્ષેત્રમાંથી સીધો અનુભવ લાવે છે અને પ્રોગ્રામમાં ફેકલ્ટી અને રિસોર્સ પર્સન તરીકે યોગદાન આપશે. ઈઈ ના ટીચિંગ કમ રિસર્ચ ઓફિસર શ્રી હર્ષિત સિંહે ઉભરતા નાણાકીય અને આર્થિક સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે સજ્જ વિશિષ્ટ વ્યાવસાયિક કેડર વિકસાવવાના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા તાલીમબદ્ધ વ્યાવસાયિકો ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા, ટકાઉ રાષ્ટ્રીય વિકાસને ટેકો આપવા અને વૈશ્વિક નાણાકીય સુરક્ષા અને સ્થિરતામાં દેશના યોગદાનને વધારવામાં મદદ કરી શકે છે. આ પ્રોગ્રામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત @૨૦૪૭ ના વ્યાપક વિઝન સાથે પણ સુસંગત છે, જે નાણાકીય પ્રણાલીઓનું રક્ષણ કરવા, સંસ્થાકીય ક્ષમતા મજબૂત કરવા અને ઉભરતા આર્થિક અને સુરક્ષા જોખમોનો અસરકારક રીતે જવાબ આપવા માટે સક્ષમ કુશળ વ્યાવસાયિકોના વિકાસમાં યોગદાન આપે છે. જેમ જેમ ભારતનું અર્થતંત્ર વૈશ્વિક નાણાકીય પ્રણાલીઓ સાથે વધુને વધુ એકીકૃત થઈ રહ્યું છે, આવી વિશિષ્ટ કુશળતા સુરક્ષિત, સ્થિતિસ્થાપક અને ટકાઉ વિકાસને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. બીજી બેચ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહભાગીઓ માટે ખુલ્લી છે, જે વિવિધ અધિકારક્ષેત્રો અને ક્ષેત્રોના વ્યાવસાયિકોને નાણાકીય અને આર્થિક સુરક્ષાના સમકાલીન મુદ્દાઓ સાથે શીખવાની અને જોડાવાની તક પૂરી પાડે છે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) પણ આ પ્રોગ્રામમાં નોલેજ પાર્ટનર (જ્ઞાન ભાગીદાર) છે. રસ ધરાવતા વ્યાવસાયિકો રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના અધિકૃત પ્રવેશ પોર્ટલ દ્વારા નોંધણી કરાવી શકે છે. આ પ્રોગ્રામનો હેતુ શૈક્ષણિક નિર્દેશન, વ્યવહારુ અનુભવ અને ક્ષેત્રના નિષ્ણાતો સાથેના વાર્તાલાપ દ્વારા સહભાગીઓને નાણાકીય અને આર્થિક સુરક્ષાની બહુવિધ વિષયી (multidisciplinary) સમજ પૂરી પાડવાનો છે.

# અમેરિકા ૩૦ નવેમ્બર, ૨૦૨૬થી ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર વિઝાની ફી બમણી કરશે

વોશિંગ્ટન,
રોકાણ દ્વારા યુએસ ગ્રીન કાર્ડ મેળવવાનું આયોજન કરતા ભારતીયો માટે, એક મોટો ફેરફાર આ પ્રક્રિયાને નોંધપાત્ર રીતે વધુ ખર્ચાળ બનાવનાર છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ EB-5 ઈમિગ્રન્ટ ઈન્વેસ્ટર પ્રોગ્રામ હેઠળની કેટલીક અરજીઓ માટે ફીમાં ભારે વધારાને મંજૂરી આપી છે. નવી ફી ૩૦ નવેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવશે. આ વધારાથી રોકાણ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયમી નિવાસસ્થાન મેળવવા માંગતા ભારતીય ઉદ્યોગસાહસિકો અને પરિવારો માટે ઈમિગ્રેશનનો કુલ ખર્ચ વધવાની અપેક્ષા છે.

EB-5 અરજી ફી બમણાથી વધુ થશે. EB-5 પ્રોગ્રામ હેઠળ, વ્યક્તિગત રોકાણકારો દ્વારા ભરવામાં આવતા ફોર્મ I-526 માટેની ફી $3,675 થી વધીને $7,615 થશે. પ્રાદેશિક કેન્દ્રો (regional centres) દ્વારા રોકાણ કરતા અરજદારો માટે ફોર્મ I-526E ની ફી $3,675 થી વધીને $7,850 થશે. આ પ્રારંભિક અરજીઓ પર ઈ૭૫ ની ટેક્નોલોજી ફી પણ વસૂલવામાં આવશે. ગ્રીન કાર્ડ સાથે જોડાયેલી શરતોને દૂર કરવા માટે ભરવામાં આવતા ફોર્મ I-829 માટેની ફીમાં પણ વધારો થશે. તે $3,750 થી વધીને $5,000 થશે. પ્રાદેશિક કેન્દ્રની ફીમાં પણ મોટો વધારો થશે. નવા નિયમોમાં ઈમ્-૫ પ્રાદેશિક કેન્દ્રો સંબંધિત ફીમાં પણ નોંધપાત્ર વધારાનો સમાવેશ થાય છે. EB-5 પ્રાદેશિક કેન્દ્ર તરીકે માન્યતા મેળવવા માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ I-956 માટેની ફી $17,795 થી વધીને $44,115 થશે.

# ભારતના ચૂંટણી પંચે ફોર્મ ૬માંથી વધારાનું SIR ઘોષણાપત્ર દૂર કર્યું

નવી દિલ્હી,
ભારતના ચૂંટણી પંચ (ECI) એ એવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓનલાઈન 'ફોર્મ ૬' અરજી સાથે જોડાયેલ વધારાની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) ઘોષણા પાછી ખેંચી લીધી છે જ્યાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ECINET એપ્લિકેશન અને પોર્ટલ તેમજ સંબંધિત મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઈટ્સ પરથી આ વધારાની ઘોષણા દૂર કરવામાં આવી છે. મતદાર યાદીમાં નવા નોંધણી માટે અરજી કરનારાઓએ હવે 'મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦' (Regist®aion of Electors Rules, 1960) હેઠળ નિર્ધારિત કાયદેસરનું 'ફોર્મ ૬' સબમિટ કરવું પડશે.

આ પગલું ચૂંટણી પંચના ૨૬ સપ્ટેમ્બરના નિર્ણય બાદ લેવામાં આવ્યું છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે 'ફોર્મ ૬' સાથે જોડાયેલ વધારાની ઘોષણા SIR સમયગાળા દરમિયાન લાગુ થશે, જ્યારે આ પ્રક્રિયા સિવાયના સમયમાં 'મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦' હેઠળ નિર્ધારિત ફોર્મનો ઉપયોગ કરવામાં આવશે.

'ફોર્મ ૬' એ પાત્ર નાગરિકો દ્વારા નવા મતદાર તરીકે મતદાર યાદીમાં નામ સામેલ કરવા માટે ઉપયોગમાં લેવાતી કાયદેસરની અરજી છે. તે 'મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦' હેઠળ નિર્ધારિત છે, જે મતદાર યાદી તૈયાર કરવા અને તેમાં સુધારા કરવાની પ્રક્રિયાનું સંચાલન કરે છે.

'ફોર્મ ૬' વિવાદનો વિષય કેમ બન્યું?

આ વધારાની ઘોષણા ચૂંટણી પંચની અંદર વિવાદનો વિષય બની હતી. 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના અહેવાલ મુજબ, ચૂંટણી કમિશનરો વિવેક જોશી અને સુખબીર સિંહ સંધુએ 'ફોર્મ ૬' સંબંધિત ફેરફારો સામે વાંધો ઉઠાવ્યો હતો.

જોશીએ દલીલ કરી હતી કે 'ફોર્મ ૬' એ 'મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦' હેઠળ નિર્ધારિત કાયદેસરનું ફોર્મ હોવાથી, નિયમોમાં સુધારો કર્યા વિના તેમાં ફેરફાર કરી શકાય નહીં. ત્યારબાદ સંધુએ પણ આ વાંધાનું સમર્થન કર્યું હતું.

# ચીન-ભારત સંબંધો થોડા વર્ષો પહેલા કરતા વધુ સારા છે : વિદેશ મંત્રી એસ.જયશંકર

## ભારત અને ચીન વચ્ચેના સંબંધો સામાન્ય થઈ રહ્યા છે

વોશિંગ્ટન,
ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલો તણાવ હવે ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. તાજેતરના દિવસોમાં, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ઘણી વખત મળ્યા છે. હવે, ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ ભારત-ચીન સંબંધો અંગે અમેરિકામાં એક મોટું નિવેદન આપ્યું છે. એસ. જયશંકરે જણાવ્યું છે કે ભારત અને ચીન વચ્ચેના સંબંધો આજે છેલ્લા કેટલાક વર્ષો કરતા સારા છે. જયશંકરે ભાર મૂક્યો હતો કે જેમ જેમ સરહદ વિવાદો ઉકેલાઈ રહ્યા છે, તેમ તેમ ભારત અને ચીન વચ્ચેના સંબંધો સામાન્ય થઈ રહ્યા છે. એસ. જયશંકર



ન્યૂયોર્કમાં એશિયા સોસાયટી દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ભારત-ચીન સંબંધો પરના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. આ દરમિયાન, એસ. જયશંકરે કહ્યું, "જો તમે મને પૂછો કે શું આજે સંબંધો ૨૦૨૫ કરતા વધુ સારા છે, તો હું હા કહીશ. તે ૨૦૨૪ કરતા પણ વધુ સારા છે." એ નોંધવું જોઈએ કે તાજેતરના સમયમાં ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સુધારો થયો છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ સમિટમાં પણ હાજરી આપી હતી. ભારત અને ચીન વચ્ચેના સંબંધો પર વાત કરતા એસ. જયશંકરે કહ્યું, "આ કોઈ મોટો માળખાકીય ફેરફાર નથી, પરંતુ પરિસ્થિતિમાં સુધારો થવાનું એક કારણ એ છે કે પરિસ્થિતિ એટલી બધી પાટા પરથી ઉતરી ગઈ હતી કે તમે તેને સ્થિર કરતાની સાથે જ તેમાં સુધારો થવાનો હતો. ૨૦૨૦ માં જે બન્યું (ગાલવાન અથડામણ) અને ત્યારબાદ લાંબા સમય સુધી સરહદી ગતિરોધથી ખરેખર ભારત અને ચીન વચ્ચેના સંબંધો પર અસર પડી.

# કાશ્મીર મુદ્દા પર કોઈ બહારનો પક્ષ અધિકારક્ષેત્ર ધરાવતો નથી : ભારત

## ભારતે તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગનને કડક જવાબ આપ્યો

નવીદિલ્હી,
તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનએ તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ફરીથી કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો. એર્દોગન પાકિસ્તાનના ખૂબ જ નજીકના માનવામાં આવે છે અને કાશ્મીર મુદ્દા પર સતત પાકિસ્તાનને ટેકો આપે છે. આવી સ્થિતિમાં, ભારતે પણ એર્દોગનને કડક જવાબ આપ્યો છે. ભારત સરકારના વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે કહ્યું છે કે કાશ્મીર મુદ્દા પર કોઈ બહારનો પક્ષ અધિકારક્ષેત્ર ધરાવતો નથી.

વાસ્તવમાં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રમાં, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને વિશ્વ નેતાઓને સંબોધિત કરતા ફરી એકવાર કાશ્મીર મુદ્દા પર નિવેદન આપ્યું. એર્દોગને કહ્યું, "કાશ્મીર મુદ્દા સહિત દક્ષિણ એશિયાના તમામ વિવાદોનો ઉકેલ યુએન ચાર્ટર અને સંબંધિત ઠરાવોના માળખામાં વાતચીત દ્વારા લાવવો જરૂરી છે." એ નોંધવું જોઈએ કે એર્દોગને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યુએનમાં કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે અપીલ પણ કરી હતી. અગાઉ, એર્દોગને કાશ્મીર મુદ્દા પર નિવેદન જારી કર્યું હતું. તે સમયે પણ, ભારત સરકારે કાશ્મીર મુદ્દા પર તુર્કીના રાષ્ટ્રપતિના નિવેદનને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યું હતું. ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે તુર્કીએ અન્ય દેશોની સાર્વભૌમત્વનો આદર કરવાનું શીખવું જોઈએ અને તેની નીતિઓ વિશે ઊંડાણપૂર્વક વિચાર કરવો જોઈએ.

# કેન્દ્ર સરકારે ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ ૨૫ ના વધારાને મંજૂરી આપી

## રવિ માર્કેટિંગ સીઝન માટે ઘઉંનો એમએસપી વધીને ૨,૬૧૦ પ્રતિ ક્વિન્ટલ

નવીદિલ્હી,
કેન્દ્ર સરકારે દેશભરના લાખો ખેડૂતો માટે મહત્વપૂર્ણ સારા સમાચાર જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારે ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ ૨૫ નો વધારો મંજૂરી આપી છે. આ પછી, ૨૦૨૭-૨૮ રવિ માર્કેટિંગ સીઝન માટે ઘઉંનો એમએસપી વધીને ૨,૬૧૦ પ્રતિ ક્વિન્ટલ થયો છે. અગાઉ, ૨૦૨૬-૨૭માં ઘઉંનો એમએસપી પ્રતિ ક્વિન્ટલ ૨,૫૮૫ હતો. સરકારના મતે, આ નિર્ણયનો હેતુ ખેડૂતોને તેમના પાક માટે વધુ સારી કિંમત પૂરી પાડવાનો અને ઉત્પાદન ખર્ચ કરતાં પર્યાપ્ત માર્જિન સુનિશ્ચિત કરવાનો છે.



કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ઘઉંનો ઉત્પાદન ખર્ચ આશરે ૧,૨૬૪ પ્રતિ ક્વિન્ટલ છે. તેની તુલનામાં, સરકારે ૨૦૨૭-૨૮ માટે એમએસપી પ્રતિ ક્વિન્ટલ ૨,૬૧૦ નક્કી કર્યો છે. આનો અર્થ એ થયો કે ઘઉંનો એમએસપી ઉત્પાદન ખર્ચ કરતાં બમણાથી વધુ છે. ઘઉં દેશનો મુખ્ય રવિ પાક છે. તેની વાવણી સામાન્ય રીતે ઓક્ટોબરમાં શરૂ થાય છે, જ્યારે લણણી એપ્રિલમાં શરૂ થાય છે. આવી સ્થિતિમાં, ખેડૂતો માટે નવા એમએસપીની જાહેરાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

સરકારે માત્ર ઘઉં માટે જ નહીં પરંતુ પાંચ અન્ય રવિ પાક માટે પણ એમએસપીમાં વધારો કર્યો છે. જવ માટે એમએસપી ૨,૧૫૦ થી વધારીને ૨,૨૮૬ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. કઠોળમાં, ચણા માટે એમએસપી ૫,૮૭૫ થી વધારીને ૫,૯૫૮ અને મસૂર માટે ૭,૦૦૦ થી વધારીને ૭,૩૯૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે.

# ભાજપ આગામી ચૂંટણી ડ્રગ્સ મુક્ત પંજાબના મુદ્દા પર લડશે : ગૃહમંત્રી અમિત શાહ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પંજાબના જાલંધરમાં એક રેલી યોજી

જાલંધર,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે (બુધવારે) પંજાબના જાલંધરમાં એક રેલી યોજી હતી. સ્ટેજ પર બેસતા પહેલા, અમિત શાહે ડ્રગ્સ વ્યસનીઓના પરિવારો સાથે મુલાકાત કરી. વધુમાં, સ્ટેજ પરથી સંબોધન દરમિયાન, તેમણે પંજાબને ડ્રગ્સ મુક્ત બનાવવાનું વચન આપ્યું હતું. અમિત શાહે કહ્યું કે પંજાબ દેશમાં બે બાબતો માટે જાણીતું છેઃ પહેલું, દેશનો અનાજ પુરવઠો, અને જ્યારે પણ જરૂર પડે ત્યારે પંજાબના ખેડૂતો આગળ આવ્યા છે; બીજું, પંજાબના સૈનિકો હંમેશા દેશની રક્ષા માટે આગળ આવ્યા છે. અમિત શાહે એમ પણ કહ્યું કે ભાજપ આગામી ચૂંટણી ફક્ત ડ્રગ્સ મુક્ત પંજાબના મુદ્દા પર લડશે. અમિત શાહે કહ્યું, "હું વચન આપું છું કે જો તમે અમારી સરકાર બનાવશો, તો અમે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં પંજાબને ડ્રગ્સ મુક્ત બનાવીશું. પંજાબને ડ્રગ્સ મુક્ત બનાવવાનો સમય આવી ગયો છે કારણ કે આપ સરકારે ડ્રગ્સનો વેપાર ખુલ્લેઆમ ચાલુ રાખવા દીધો હતો. હું પંજાબના લોકોને કહેવા માંગુ છું કે અમે જે વચન આપ્યું હતું તે પૂર્ણ કર્યું છે. ભાજપે કાશ્મીરમાં નક્સલવાદ અને આતંકવાદનો અંત લાવ્યો. અને હવે ડ્રગ્સ મુક્ત પંજાબનો વારો છે. હું વચન આપું છું કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ પછી, ડ્રગ્સ વેચનાર કોઈ પણ બચશે નહીં." નશામાં ધૂત કોઈ પણ વ્યક્તિ ગુરુઓનું અપમાન કરે છે તે પંજાબને ડ્રગ્સથી મુક્ત કરી શકશે નહીં, અને અમે સમગ્ર દેશમાં ડ્રગ્સ મુક્ત અભિયાન શરૂ કર્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વધુમાં કહ્યું, "પંજાબમાં અસમર્થ સરકારને હટાવો અને અમે તેને બે વર્ષમાં ડ્રગ્સ મુક્ત બનાવીશું. આ ડ્રગ્સનું વ્યસન આપણી ભાવિ પેઢીઓને બરબાદ કરી રહ્યું છે. હું ભગવંત માનને પૂછવા માંગુ છું કે, તમારા વચનોનું શું થયું? તમારે ૨૫ લાખ યુવાનોને નોકરીઓ આપવાની હતી. તમારે બધા પાક પર એમએસપી આપવાનું હતું, પરંતુ તમે તે પૂરું કર્યું નહીં, પરંતુ હરિયાણાએ કર્યું."

અમિત શાહે કહ્યું, "અમે ખેડૂતોની સમસ્યાઓનું નિરાકરણ કરીશું. અમે પંજાબની નાણાકીય



સ્થિતિ પણ સુધારીશું અને યુવાનોને રોજગારી આપીશું. આપણે પંજાબમાં ભાજપને મત આપવો જોઈએ. તમારે ફક્ત અને ફક્ત ડ્રગ્સ મુક્ત પંજાબ માટે મત આપવો જોઈએ." એ નોંધવું જોઈએ કે અમિત શાહે ૨૩ સપ્ટેમ્બરના રોજ પોતાના ભાષણમાં માદક દ્રવ્યોના વ્યસન સામે નિર્ણાયક યુદ્ધનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં માદક દ્રવ્યોના વેપારને નાબૂદ કરવામાં આવશે.

# ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નથી, ૨૪ કલાક ફટાકડા ફોડવાની મંજૂરી શક્ય નથીઃ સુપ્રીમ કોર્ટ

## દિવાળી પહેલા ફટાકડા પર પ્રતિબંધ અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

નવીદિલ્હી,
દિવાળી પહેલા ફટાકડા પર પ્રતિબંધ અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટે કહ્યું કે તે આ મામલે સંતુલિત અભિગમ શોધશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશભરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ કેટલાક લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે.

કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તે સમગ્ર દેશમાં સંપૂર્ણ પ્રતિબંધના પક્ષમાં નથી. જોકે, તે ૨૪ કલાક ફટાકડા ફોડવાની પણ મંજૂરી આપી શકે નહીં, કારણ કે તેનાથી વૃદ્ધો, બીમાર લોકો અને બાળકોને અસુવિધા થાય છે. કોર્ટે કહ્યું કે તે એક ઉકેલ શોધી કાઢશે જેમાં ફટાકડા ફોડવા માટેનો નિશ્ચિત



સમય અને કયા પ્રકારના ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવશે તે નક્કી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે સીપીસીબી અને કેન્દ્ર સરકારને ફટાકડામાં વપરાતા બેરિયમ અને ફટાકડાના ડેસિબલ સ્તરનું મૂલ્યાંકન કરવા માટે સંયુક્ત પરીક્ષણો કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે આગામી સુનાવણી ૧૫ ઓક્ટોબરે થશે.

હકીકતમાં, દર વર્ષે, દેશમાં પ્રદૂષણની સમસ્યા વિશે ચર્ચા દિવાળી પહેલા શરૂ થાય છે. દિલ્હી-દ્દઝઈમાં, અહીં ખાસ કરીને શિયાળા દરમિયાન અને દિવાળીની આસપાસ પ્રદૂષણ ખાસ કરીને ગંભીર હોય છે. આવી સ્થિતિમાં, ફટાકડા હવાની ગુણવત્તાને વધુ ખરાબ કરે છે. આવી સ્થિતિમાં, ચોક્કસ નિયમોનું પાલન કરવું જરૂરી બની જાય છે, કારણ કે કોઈ વ્યક્તિ એક દિવસ ફટાકડા ફોડી શકે નહીં અને બાકીના દિવસ માટે ખરાબ હવામાં રહી શકે નહીં. વર્ષ ૨૦૨૫ ના સંદર્ભમાં, લીલા ફટાકડાના મર્યાદિત વેચાણ અને ઉપયોગને મંજૂરી આપવામાં આવી હતી.

# દકાના ગામે બોલેરોમાંથી રૂ.૯૨ હજારથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો, આરોપી ફરાર

## ૫૪૦ બોટલ, બોલેરો સહિત કુલ રૂ. ૨.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત,આરોપી ફરાર

ભાવનગર,તા.૦૧

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ મથકના સ્ટાફે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે દકાના ગામે રેડ કરી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી બોલેરો કાર ઝડપી લીધી હતી જોકે આરોપી ફરાર થયો હતો .

ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને વિદેશી દારૂની હેરાફેરી અંગે બાતમી મળતા દકાના ગામ નજીક દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને દકાના ગામની ખોડિયાર વાળા તળાવ તરીકે ઓળખાતા વિસ્તારમાં તળાવ પાસેના કાચા રસ્તા પરથી કબૂતરા કલરની મહિન્દ્રા બોલેરો મળી આવી હતી.

પોલીસે પંચોની હાજરીમાં બોલેરોની તપાસ કરતાં પાછળની સીટમાં પ્લાસ્ટિકની થેલીઓમાં અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કંપની સીલપેક બોટલો મળી આવી હતી. તપાસ દરમિયાન LONDON PRIDE PREMIUM WHISKY™e 180 એમએલની ૩૯૦ બોટલ, POLAND PRIDE PREMIUM COLLECTION RESERVE WHISKYની ૧૮૦ એમએલની ૧૪૦ બોટલ તથા MCDOWELLS No.1 ORIGINAL RESERVE WHISKYની ૧૮૦ એમએલની ૧૦ બોટલ મળી આવી હતી. પોલીસે કુલ ૫૪૦ બોટલ, કિંમત રૂ.૯૨,૨૫૦નો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી મહિન્દ્રા બોલેરો GJ-03-ME-7112, કિંમત રૂ.૨ લાખ પણ કબજે કરવામાં આવી હતી. આમ કુલ રૂ.૨,૯૨,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ દકાના ગામનો પુનાભાઈ મનાભાઈ મકવાણા સ્થળ પર હાજર મળ્યો નહોતો. તેના વિરુદ્ધ પ્રોહિબિશન કલમ ૬૫(છ)(ઈ), ૧૧૬(B) અને ૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂના સિક્કા ઊંચી કિંમતે ખરીદવાની લાલચ આપી નિવૃત પોસ્ટ્મેન સાથે ૨૩ લાખની ઠગાઈ

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના રાજપરા (ખોડીયાર) ગામે રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ શિવલાલભાઈ ગોવિંદભાઈ સોલંકી સાયબર ઠગોની જાળમાં ફસાઈ જતાં અંદાજે ૨૩ થી ૨૪ લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. જૂના અને દુર્લભ સિક્કાઓ ઊંચી કિંમતે ખરીદવાની લાલચ આપી અજાણ્યા સાયબર અપરાધીઓએ તેમની સાથે લાખો રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી આચરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપીઓએ ફરિયાદી શિવલાલભાઈનો સંપર્ક કરી તેમની પાસે રહેલા જૂના સિક્કાઓની બજાર કિંમત કરતાં પણ ઊંચી રકમ ચૂકવવાની મોટી લાલચ આપી હતી. ત્યારબાદ સિક્કા વેચાણ, પ્રોસેસિંગ ફી અને અન્ય અલગ-અલગ બહાના હેઠળ વૃદ્ધ પાસેથી અત્યાર સુધીમાં તબક્કાવાર આશરે ૨૩ લાખથી પણ વધુ રકમનું ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરાવીને રકમ મેળવી લીધી હતી.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ વૃદ્ધે પ્રથમ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ભાવનગર ખાતે પહોંચીને વિધિવત ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસ પાસે રૂ. ૪,૭૯,૫૮૦/- ની રકમના ટ્રાન્ઝેક્શનના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. પોલીસે મોબાઈલ નંબર વાપરનાર અજાણ્યા સાયબર ઠગો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. યુવરાજસિંહ વાઘેલાએ હાથ ધરી છે.

**પ્રાચીન સિક્કા વેચવાના નામે લાલચ આપી વૃદ્ધ પાસેથી તબક્કાવાર લાખો રૂપિયા પડાવ્યા; સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો**

# સગીરા પર દુષ્કર્મ કેસમાં ગારિયાધારના પાલડીના શખ્સને ૧૦ વર્ષની સખ્ત કેદ



તસવીર : ધવલ વાજા

## ભાવનગરના એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ પોક્સો જજ એન.જી. દવેનો ચુકાદો

ભાવનગર,તા.૦૧

ભાવનગર જીલ્લાના ગારીયાધાર તાલુકાના પાલડી ગામે ૭ વર્ષ અગાઉ ૧૭ વર્ષ ૧૦ માસની સગીરાને લલચાવી-ફોસલાવી ભગાડી જઈ તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારવાના કેસમાં અદાલતે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. ભાવનગરના એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ પોક્સો જજ એન.જી. દવેની કોર્ટે મુખ્ય આરોપી રાહુલભાઈ રમેશભાઈ ખાખડીયાને કસુરવાર ઠેરવી વિવિધ કલમો હેઠળ ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે.

૨ એપ્રિલ ૨૦૧૯ના રોજ બનેલી આ ઘટના અંગે ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. અને પોક્સો એક્ટની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખી અદાલતે આ સજા ફટકારી છે. આ ઉપરાંત, વિક્ટિમ કોમ્પેન્સેશન એક્ટ હેઠળ ભોગ બનનાર સગીરાને ૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

# સ્ટેન્ડિંગ કમિટીમાં વિવાદિત એજન્સી અને સમયમર્યાદા મુદ્દે તંત્રનો ઉધડો



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧

ભાવનગર મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન કિશનભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં શહેરના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે કુલ રૂ. ૪૯૭.૭૮ કરોડના ૩૯ જેટલા વિકાસ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ અધેવાડા ખાતે ૫૭૯, ૬૨૮ અને ૭૦૪ તથા સીદસર ખાતે ૮૬૦ મળીને કુલ ૨,૭૭૧ નવા EWS આવાસોના નિર્માણ માટે રૂ. ૩૭૦ કરોડથી વધુના ખર્ચને બહાલી અપાઈ હતી. આ ઉપરાંત, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મળેલ રૂ. ૨૭૮ કરોડની વિવિધ ગ્રાન્ટના આયોજન અંગે સરકારની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવા દરખાસ્ત મોકલવાનો નિર્ણય કરાયો હતો.

તમામ કામો મંજૂર કરવા સાથે જ બેઠકમાં નબળી કામગીરી કરનાર એજન્સી સામે શંકા વ્યક્ત કરીને કડક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. રાજકોટની વજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.ને રૂ. ૨૧૫ કરોડના આવાસના કામો સોંપવાના નિર્ણય પૂર્વે તેના દસ્તાવેજોની ચકાસણી કરીને માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવ પાસે તપાસ અર્થે મોકલવાનું નક્કી કરાયું હતું. વધુમાં વિકાસ કામોમાં વારંવાર સમયમર્યાદા વધારવા મુદ્દે તંત્રનો ઉધડો લેતાં ચેરમેન કિશનભાઈ મહેતાએ સ્પષ્ટ કર્યું હતું કે હવેથી વિલંબ માટે એજન્સી, વિભાગ કે કન્સલ્ટન્ટમાંથી કોની ભૂલ છે તેની લેખિત જવાબદારી નક્કી કરીને કડક કાર્યવાહી કરાશે, તેમજ રૂ. ૫ લાખથી વધુની એક્સેસ રકમ માટે સક્ષમ સત્તાનું ધ્યાન દોરવું પડશે.

શહેરની સ્વચ્છતા, પર્યાવરણ અને વોટર વર્ક્સ માટે પણ મોટા નિર્ણયો લેવાયા હતા. સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત ભીના કચરાના નિકાલ માટે રૂ. ૫૨.૭૦ કરોડના ખર્ચે ૨૦૦ ટન ક્ષમતાનો વેસ્ટ ટુ કમ્પોસ્ટ પ્લાન્ટ તથા રૂ. ૨૦.૩૩ કરોડના ખર્ચે રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન ઊભું કરાશે. પૂર્ણા તળાવને બ્લ્યુ-ગ્રીન ઈન્ફ્રા પોલિસી હેઠળ રૂ. ૧૬.૦૩ કરોડના ખર્ચે વિકસાવવા જીયુડીએમને દરખાસ્ત કરાશે. વોટર વર્ક્સમાં સિદસર ફિલ્ટર પ્લાન્ટ પાસે રૂ. ૧૫.૧૮ કરોડના ખર્ચે ૨૪ ML ક્ષમતાનો રો-વોટર સંપ તથા કુંભારવાડા નારી રોડથી ડમ્પ સાઈટ સુધી DI પાઈપલાઈન નાખવાની મંજૂરી અપાઈ હતી. આ ઉપરાંત, ટાઉન હોલ પાછળ રૂ. ૨.૧૧ કરોડનો હેરિટેજ ડાઈનિંગ હોલ, ચિત્રા-ફુલસર વોર્ડમાં રૂ. ૧.૭૫ કરોડનો ફોરલેન રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ભગવાન બિરસા મુંડાની પ્રતિમા, ૮ જર્જરિત શોપિંગ સેન્ટરોનો સર્વે, ૧૦ મોબાઈલ ટોઈલેટ વાન્સની ખરીદી તથા ફાયર સ્ટાફના પગારધોરણ સુધારણા જેવા મહત્વપૂર્ણ નિર્ણયો પર આખરી મહોર મારવામાં આવી હતી.

### આવાસ યોજનાની એજન્સીના દસ્તાવેજોની ચકાસણી માટે ગાંધીનગર મોકલાશે

રાજકોટની વજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.ને રૂ. ૨૧૫ કરોડના આવાસના કામો સોંપવાના નિર્ણય પૂર્વે તેના દસ્તાવેજોની ચકાસણી કરીને માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવ પાસે તપાસ અર્થે મોકલવાનું નક્કી કરાયું હતું. મનપા દ્વારા ઈશ્યુ કરાયેલ '૩એ' (અનુભવ)નું પ્રમાણપત્ર ગ્રાહ્ય ગણાય કે કેમ તે અંગે પ્રશ્નો ઊભા થતાં સાંઠગાઠના આરોપો વચ્ચે આ નિર્ણય લેવાયો હતો.

**આવાસ યોજનાઓ, સ્વચ્છતા પ્રોજેક્ટ્સ અને માળખાકીય સુવિધાઓને લીલીઝંડી; નબળા કામો અટકાવવા લેવાયા નિર્ણયો**





